**ફોજદારી મુકદમા નંબર :– ૩૮૨/૨૦૨૬**

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૦૨.૦૬.૨૦૨૬ | | |
| દાખલ તારીખ | :: | ૦૨.૦૬.૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | :: | ૦૩.૦૭.૨૦૨૬ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૧ | ૦૧ |

## મે.ખેરગામનાં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ સાહેબની કોર્ટમાં.મુ.ખેરગામ

..............................................................................

**ફોજદારી કેસ નંબરઃ– ૩૮૨/૨૦૨૬**
**ખેરગામ પોસ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૬૦૩૨૨/૨૦૨૬**
**આંક : ૩૦**

..............................................................................

**ફરીયાદી :–** **નામદાર સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :– (૧) રામસુજીત ઉર્ફે અજીત ઉર્ફે રામકેશ હરીનાથ ધનરાજ યાદવ**
રહે. બેલકુર ગામ યાદવ મહોલ્લો ટીકુલી બનારસ થાના,, ગગહા, તા.બાસગાવ, જી.ગોરખપુર, ઉત્તર પ્રદેશ.

..............................................................................

## :: નમુનો–અ ::

| મે. ખેરગામના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુંઃ ખેરગામ | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૩–૦૭–૨૦૨૬ |
| ફોજદારી કેસ સંખ્યા | ૩૮૨/૨૦૨૬ |
| જજમેન્ટ આંક | ૩૦ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબ. |
| પ્ર.માહિતી અહેવાલ | ખેરગામ પોસ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૪૨૬૦૩૨૨/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | ખેરગામ પોલીસ સ્ટેશન,જી.નવસારી. |
| ફરીયાદ પક્ષ | સરકારશ્રી/ ફરીયાદી દિલીપભાઈ કિષ્નારામ ગેવરરામ ચૌધરી |

| | |
|---|---|
| રજુઆત | વિ.મદદનીશ સરકારી વકીલશ્રી એસ.એમ.મલેક |
| આરોપી પક્ષ | **(૧) રામસુજીત ઉર્ફે અજીત ઉર્ફે રામકેશ હરીનાથ ધનરાજ યાદવ** રહે. બેલકુર ગામ યાદવ મહોલ્લો ટીકુલી બનારસ થાના,, ગગહા, તા.બાસગાવ, જી.ગોરખપુર, ઉત્તર પ્રદેશ. |
| રજુઆત | આરોપી તરફે વિ.વકીલશ્રી એચ.એસ.પટેલ |

## :: નમુનો–બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧–૦૫–૨૦૨૬ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૧૧–૦૫–૨૦૨૬ |
| આખરી અહેવાલની તારીખ | ૧૧–૦૫–૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | ૦૩–૦૬–૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૪–૦૬–૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૩–૦૭–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૩–૦૭–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ૦૩–૦૭–૨૦૨૬ |

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શુ નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમીયાન અટકાયતનો ફો.કા. સંહિતાની કલમ– ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રામસુજીત ઉર્ફે અજીત ઉર્ફે રામકેશ હરીનાથ ધનરાજ યાદવ રહે. બેલકુર ગામ યાદવ મહોલ્લો ટીકુલી બનારસ થાના,ગગહા, તા.બાસગાવ, જી.ગોરખપુર, ઉત્તર પ્રદેશ. | ૧૮–૦૨–૨૬ | ૧૮–૦૨–૨૬ | બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબ | સજા | આખરી હુકમ મુજબ | – |

**ફરિયાદપક્ષ/બચાવપક્ષ અને અદાલત દ્વારા રજૂ આંકની સૂચિ**

**A . ફરિયાદપક્ષ : -**

**ફરીયાદપક્ષના મૌખિક પુરાવાઃ–**

| અ.નં. | વિગત | સાહેદનો પક્ષકાર | આંક | |
|---|---|---|---|---|
| ૧ | દિલીપ ક્રિષ્નારામ ગેવરરામ ચૌધરીની જુબાની | ફરીયાદી | આંક–૦૯ | PW 1 |
| ૨ | અમરજીત રામનારાયણ ચૌધરીની જુબાની | પંચ નં.૧ | આંક–૧૨ | PW 2 |
| ૩ | નિલેશભાઈ સવજીભાઈ પટેલની જુબાની | પંચ નં.૧ | આંક–૧૫ | PW 3 |
| ૪ | રસીદ અલ્લારખુ શેખની જુબાની | પંચ નં.૨ | આંક–૧૭ | PW 4 |
| ૫ | નરેન્દ્ર ઉર્ફે શ્યામ ચૌધરીની જુબાની | સાહેદ નં.૮ | આંક–૧૯ | PW 5 |
| ૬ | મનિષભાઈ બબલુજી રાવની જુબાની | પંચ નં.૧ | આંક–૨૧ | PW 6 |
| ૭ | હેમંતભાઈ સનતભાઈની જુબાની | ત.ક.અ. | આંક–૨૨ | PW 7 |

**B . બચાવપક્ષે જો સાહેદ હોય તો : -**

| ક્રમ નં | વિગત | આંક |
|---|---|---|
| - - | - - - | - - - - |

**C . કોર્ટ સાહેદ જો હોય તો : -**

| ક્રમ નં | વિગત | આંક |
|---|---|---|
| - - | - - - | - - - - |

## ફરીયાદપક્ષ બચાવપક્ષ અને કોર્ટ ધ્વારા આંકે પાડેલ આધારોનુ લીસ્ટઃ

### (એ) ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ

| અ.નં. | વિગત | પક્ષકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદ | ફરીયાદી દિલીપ ક્રિષ્નારામ ગેવરરામ ચૌધરી | આંક–૧૦ |
| ૨ | ફાસ્ટેગની પ્રિન્ટ આઉટ | –"– | આંક–૧૧ |
| ૩ | અસલ પંચનામુ | પંચ નં.૧ અમરજીત રામનારાયણ ચૌધરી | આંક–૧૩ |
| ૪ | રીકન્સ્ટ્રકશન પંચનામુ | પંચ નં.૧ અમરજીત રામનારાયણ ચૌધરી | આંક–૧૪ |
| ૫ | પંચનામુ | પંચ સાહેદનં.૧ નિલેશભાઈ સવજીભાઈ પટેલ,પંચ સાહેદનં.૨ રસીદ અલ્લારખુ શેખ | આંક–૧૫ |
| ૬ | મોબાઈલ લોકેશનની પ્રિન્ટ આઉટ પેજ–૧૬ | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૩ |
| ૭ | રવાનગી પત્ર | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૪ |
| ૮ | સીડીઆર મંગાવવા માટે કરેલ પત્ર | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૫ |
| ૯ | સીડીઆરની પ્રિન્ટ આઉટ પેજ નંગ–૪ | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૬ |
| ૧૦ | ચોરાયેલ વાહન રજીસ્ટ્રેશન માહિતીનો રીપોર્ટની નકલ | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૭ |

### B. બચાવપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવા : -

| ક્રમ નં | વિગત | આંક |
|---|---|---|
| - - | - - - | - - - - |

### C. કોર્ટ ધ્વારા આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા : -

| ક્રમ નં | વિગત | આંક |
|---|---|---|
| - - | - - - | - - - - |

### D. મટીરીયલ ઓબ્જેકટ (મુદ્દામાલની વિગત) : -

| ક્રમ નં | વિગત |
|---|---|
| - - | - - - |

## ગુન્હોઃ– બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨) મુજબ.

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એમ.મલેક
આરોપી તરફે વિ.વ.શ્રી એચ.એસ.પટેલ

### –:: ઠ રા વ ::–

**૧)..** ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, તા.૧૧–૦૫–૨૦૨૬ કલાક ૦૦/૦૦ થી કલાક ૦૬/૩૦ વાગ્યા દરમ્યાન મોજે ખેરગામ નવા વલસાડ રોડ ખેરગામ ચાર રસ્તાથી દશેરા ટેકરી તરફ જતા રોડ ઉપર આઈકોન કેફેની દુકાન સામે સૌઈદ ઈબ્રાહીમભાઈ તાઈના ભાડાના મકાનમાં ખાતે આરોપી રામસુજીત ઉર્ફે અજીત યાદવ, રહે.ગોરખપુર ઉત્તર પ્રદેશનાઓ આવી ફરીયાદીની ફરાના ક્રેન નં.આરજે–૫૪–ઈએ–૦૦૪૩ ઉપર ડ્રાઈવર તરીકે કામ કરવા માટે આવી ડ્રાઈવીગ કરવાનુ જણાવી, ફરીયાદીના ભાડાના મકાનમા બોલેરો કેમ્પર ગાડી નં.આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ની ચાવી જે જગ્યાએ મુકેલ ત્યાથી ચોરી કરવાના ઈરાદે લઈ, જયાં બોલેરો કેમ્પર ગાડી નં. આરજે–૨૧–જીએફ–૩૬૯૩ ની કિં. રૂા.૧૨,૦૦,૦૦૦/– ની પાર્ક કરેલ ત્યાંથી ફરીયાદીને કહયા વગર ચોરી કરી લઈ જઈ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમઃ– ૩૦૩(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ ખેરગામ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટર નં. ૧૧૮૨૨૦૦૪૨૬૦૩૨૨/૨૦૨૬ થી દાખલ થતાં ફરીયાદ અનુસંધાને તપાસ કરનાર ઘ્વારા તપાસ કરી આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨)..** આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત રુબરુ હાજર થતાં તેઓને વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ અપવામાં આવી તેની ખાત્રી કરી,આરોપી સામે આંક – ૦૪ થી તહોમતનામું ફરમાવી આરોપીનુ અનુક્રમે આંક – ૦૫ થી પ્લી લઈ તેમાં જણાવેલ ગુનાની વિગત વાંચી સંભળાવી સમજાવવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

૩).. ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | વિગત | સાહેદનો પક્ષકાર | આંક | |
|---|---|---|---|---|
| ૧ | દિલીપ ક્રિષ્નારામ ગેવરરામ ચૌધરીની જુબાની | ફરીયાદી | આંક–૦૯ | PW 1 |
| ૨ | અમરજીત રામનારાયણ ચૌધરીની જુબાની | પંચ નં.૧ | આંક–૧૨ | PW 2 |
| ૩ | નિલેશભાઈ સવજીભાઈ પટેલની જુબાની | પંચ નં.૧ | આંક–૧૫ | PW 3 |
| ૪ | રસીદ અલ્લારખુ શેખની જુબાની | પંચ નં.૨ | આંક–૧૭ | PW 4 |
| ૫ | નરેન્દ્ર ઉર્ફે શ્યામ ચૌધરીની જુબાની | સાહેદ નં.૮ | આંક–૧૯ | PW 5 |
| ૬ | મનિષભાઈ બબલુજી રાવની જુબાની | પંચ નં. | આંક–૨૧ | PW 6 |
| ૭ | હેમંતભાઈ સનતભાઈની જુબાની | ત.ક.અ. | આંક–૨૨ | PW 7 |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અ.નં. | વિગત | પક્ષકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદ | ફરીયાદી દિલીપ ક્રિષ્નારામ ગેવરરામ ચૌધરી | આંક–૧૦ |
| ૨ | ફાસ્ટેગની પ્રિન્ટ આઉટ | –"– | આંક–૧૧ |
| ૩ | અસલ પંચનામુ | પંચ નં.૧ અમરજીત રામનારાયણ ચૌધરી | આંક–૧૩ |
| ૪ | રીકન્સ્ટ્રકશન પંચનામુ | પંચ નં.૧ અમરજીત રામનારાયણ ચૌધરી | આંક–૧૪ |
| ૫ | પંચનામુ | પંચ સાહેદનં.૧ નિલેશભાઈ સવજીભાઈ પટેલ,પંચ સાહેદનં.૨ રસીદ અલ્લારખુ શેખ | આંક–૧૫ |
| ૬ | મોબાઈલ લોકેશનની પ્રિન્ટ આઉટ પેજ–૧૬ | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૩ |
| ૭ | રવાનગી પત્ર | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૪ |
| ૮ | સીડીઆર મંગાવવા માટે કરેલ પત્ર | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૫ |
| ૯ | સીડીઆરની પ્રિન્ટ આઉટ પેજ નંગ–૪ | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ચોરાયેલ વાહન રજીસ્ટ્રેશન માહિતીનો રીપોર્ટની નકલ | ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ | આંક–૨૭ |

**(૪)..** આ કામે ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ, ત્યારબાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ.

**(૫)..** ત્યાર બાદ સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.એમ.મલેક તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૬)..** ઉપરોકત હકીકતે મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૧–૦૫–૨૦૨૬ કલાક ૦૦/૦૦ થી કલાક ૦૬/૩૦ વાગ્યા દરમ્યાન મોજે ખેરગામ નવા વલસાડ રોડ ખેરગામ ચાર રસ્તાથી દશેરા ટેકરી તરફ જતા રોડ ઉપર આઈકોન કેફેની દુકાન સામે સૌઈદ ઈબ્રાહીમભાઈ તાઈના ભાડાના મકાનમાં ખાતે આરોપી રામસુજીત ઉર્ફે અજીત યાદવ, રહે.ગોરખપુર ઉત્તર પ્રદેશનાઓ આવી ફરીયાદીની ફરાના ક્રેન નં. આરજે–૫૪–ઈએ–૦૦૪૩ ઉપર ડ્રાઈવર તરીકે કામ કરવા માટે આવી ડ્રાઈવીગ કરવાનુ જણાવી, ફરીયાદીના ભાડાના મકાનમા બોલેરો કેમ્પર ગાડી નં.આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ની ચાવી જે જગ્યાએ મુકેલ ત્યાથી ચોરી કરવાના ઈરાદે લઈ, જયાં બોલેરો કેમ્પર ગાડી નં. આરજે–૨૧–જીએફ–૩૬૯૩ ની કિં. રૂા.૧૨,૦૦,૦૦૦/– ની પાર્ક કરેલ ત્યાંથી ફરીયાદીને કહયા વગર ચોરી કરી લઈ જઈ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમઃ– ૩૦૩(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)..** ઉપરોકત મુદ્દા અંગે મારા નિર્ણય નીચે જણાવેલા કારણોસર આ પ્રમાણે છે

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

**મુદ્દા નંબર – ૧ ::–**

**(૮)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણોની ચર્ચા કરતી વખતે, આ કામે નોંધવામાં આવેલ સાહેદોની જુબાની તે રેકર્ડનો ભાગ છે. તેમ છતાં તમામ સાહેદોની જુબાનીનો સારાંશ રેકર્ડ પર લેવો જરૂરી જણાય આવે છે ત્યારે જ તેના વિષયના અનુસંધાને તેના કાયદા સાથે સારી રીતે વિસંગતતા સહિત થઈ શકે.

**(૮.૧)** આંક–૦૯ થી ફરીયાદી દિલીપ ક્રિષ્નારામ ગેવરરામ ચૌધરીનાઓ તેઓની જુબાનીની સરતપાસમાં જણાવે છે કે, તે ગુજરાતી સમજી શકે છે અને વાંચતા ઓછુ આવડે છે. તે હાલ ઉપરોકત દર્શાવેલ સરનામે ઈબ્રાહીમભાઈ સૈયદના મકાનમાં ભાડેથી રહે છે. તેમની સાથે ડ્રાયવરો નરેન્દ્ર ચૌધરી, સલીમ લાવોરી, ધર્મારામ ભીલ, કોજારામ ચૌધરી, સુભાષ લોહાર, રામનિવાસ ભીલ અને રણધીર યાદવ નાઓ સાથે રહે છે અને ખેરગામ તાલુકાના ગામોમાં હાઈટેન્શન પાવરની લાઈન ખેંચવા તેમજ ટાવર ઉભા કરવા માટે ઈન્ફ્રા વિઝન કંપનીમાં ભાડાથી અલગ અલગ વાહન, ભાડા ઉપર ડ્રાયવરો મારફતે ચલાવી તેનું મેનેજમેન્ટ કરે છે. આ ગાડીઓમાં એક બોલેરો કેનપર ગાડી નં. આરજે–૨૧–જીએફ–૩૬૯૪ જે પ્રકાશ ચૌધરી ફર્મના નામે છે તે પણ ભાડે ચલાવવા માટે મુકેલ હતી. મારે ત્યાં ક્રેન ઉપર ડ્રાયવીગનું કામ કરતા રણધીરભાઈ રજા પર ગયેલ હોય તેમના ઓળખીતા ડ્રાયવર રામ સુજીત ઉર્ફે અજીત યાદવને તેમણે મોકલેલ અને રામ સુજીત યાદવ નાએ ૨ દિવસ ક્રેન ઉપર કામ કરેલ અને ત્યારબાદ કામ કરવુ નથી તેમ કહી પૈસા લીધા વગર જતો રહેલો. ત્યાર પછી તેને ક્રેન પર કોઈ ડ્રાયવર ન હોય ફરીથી કામ માટે બોલાવેલ પરંતુ તે આવેલ નહી અને તેણે પગાર વધારો તો ડ્રાયવીગ માટે આવીશ તેવો જવાબ આપેલો. તા.૧૧.૦૫.૨૦૨૬ ના સવારે ૬:૦૦ વાગેની આસપાસ હું સુતેલ હતો અને અમારા ટ્રેકટરના ડ્રાયવર નરેન્દ્ર ઉર્ફે શ્યામ નાએ મને જગાડેલ અને જણાવેલ કે કંપનીમાં બોલેરો કેનપર ગાડી નં.આરજે–૨૧

–જીએફ–૩૬૯૪ મંગાવેલ છે જેથી આ ગાડીના ડ્રાયવર સુભાષ નાએ આ ગાડી સ્થળ પર શોધવા છતાં મળેલ નથી તેમજ આ ગાડીની ચાવી શોધવા છતાં મળતી નથી. તેમજ વધુમાં નરેન્દ્ર નાએ મને જણાવેલ કે હું આપણા ભાડાના મકાનમાં રાત્રીના ૧૨ વાગેની આસપાસ મોબાઈલ જોતો હતો ત્યારે રામસુજીત ઉર્ફે અજીત આવેલ હતો અને મે તેને જણાવેલ કે દિલીપભાઈ સુઈ ગયેલા છે જેથી તમે પણ સુઈ જાવ, ત્યારબાદ આ રામસુજીત થોડીવાર બાદ કયાંય દેખાયેલો નહી જેથી તે જતો રહયો છે તેવુ માની હું સુઈ ગયેલ. આવી હકીકત નરેન્દ્રનાએ મને જણાવેલ. અમોએ તથા સાથેના માણસોએ અમારી બોલેરો કેનપર ગાડી નં. આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ની શોધખોળ કરવા છતાં તે મળી આવી ન હતી જેથી અમોએ રામસુજીતને તેના મોબાઈલ ફોન પર ફોન કરતાં તેણે રીસીવ કરી મને જણાવેલ કે મે તમારી બોલેરો કેનપર ગાડી નં.આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ગાડી ચોરી કરી નથી. ત્યારબાદ તેણે પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દિધેલો. મારા મોટાભાઈ લક્ષ્મણભાઈને બનાવની જાણ કરતાં તેમણે મને જણાવેલ કે તેમના મોબાઈલમાં આ ગાડીની ફાસ્ટેગમાં નવસારી ટોલ પ્લાઝા ખાતે રાત્રે ૩ વાગ્યાના સમયે રૂ.૧૨૦/– ની રકમ કપાયેલાનો મેસેજ તેમના મોબાઈલ ઉપર આવેલ છે. જેથી અમોને ખાતરી થયેલ કે રામસુજીત ઉર્ફે અજીત યાદવ નાઓ તેમની બોલેરો કેનપર ગાડી નં.આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ગાડી ચોરી કરી ગયેલ છે જેથી ખેરગામ પો.સ્ટે.માં આ બનાવ બાબતે ફરીયાદ આપેલી. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેમની સહી છે. જે ઓળખી બતાવે છે જે રજુ દાખલ **<u>આંક–૧૦</u>** થી રજુ છે. તેમની અમારી ચોરાયેલ ગાડી બોલેરો કેનપર ગાડી નં. આરજે – ૨૧–જીએફ–૩૬૯૪ ની ફાસ્ટેગ ની ડીટેલ પ્રિન્ટ આઉટ ૨ પેજમાં પોલીસને તપાસના કામે આપેલ જે નામ.કોર્ટમા રજુ કરેલ. જેને પુરવાર કરવાની શરતે **આંક –૧૧** થી રજુ છે.(**નોંધ** : – આરોપીના વિ.વ.શ્રી.સદર દસ્તાવેજને લગત ઉ.ન.ના તમામ પ્રશ્નો પુછી શકે છે જો કોઈ તથ્ય બચાવપક્ષના વિરૂધ્ધમાં આવે તે સદરહું દસ્તાવેજ પુરવાર ન થાય ત્યાં સુધી દસ્તાવેજને લગતાં તથ્યો તેઓના વિરૂધ્ધ વંચાણે લેવામાં આવશે નહી.) આ કામના આરોપીને જોઈ ઓળખે છે જે વીસી માધ્યમથી નામ.કોર્ટમાં હાજર છે જે ઓળખી બતાવે છે તે તે જ છે.

જયારે ફરીયાદી આરોપી તરફેના વિધ્વાન વકીલશ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, હું બી.એ. સુધી ભણેલ છુ. એ વાત ખરી છે કે હું ખેરગામ મુકામે ડ્રાયવરો સાથે ભાડાના મકાનમાં રહુ છુ. એ વાત ખરી છે કે ઈન્ફ્રા વિઝન કંપનીમાં કામકાજ અર્થે ભાડાના વાહનો રાખેલા છે. એ વાત ખરી છે કે બનાવના દિવસે અમારી ગાડી ભાડા પર ગઈ હતી. સાહેદ જણાવે છે કે સવારે ભાડા પર જાય અને રાત્રે અમારી પાસે આવી જાય છે. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ મે મારી નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે ઈન્ફ્રા વિઝન કંપનીનું ખેરગામ ખાતે જે કામ ચાલે છે તેમાં મારી માલીકીનું કોઈ વાહન ભાડેથી ચલાવવા મુકેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા ચોરી થયેલ વાહન મારી માલીકીનું નથી. એ વાત ખરી છે કે મુદ્દામાલ વાહન કોની પાસેથી કેવી રીતે મેળવેલ છે તે મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે મારી પાસે ભાડે ફરતી ઘણીબધી ગાડીઓ છે. એ વાત ખરી છે કે ભાડાની ગાડીઓ ઘણા દુર સુધી જાય છે. એ વાત ખરી નથી કે ભાડાના બધા વાહનો કયા કયા અને કેટલે દુર ગયો છે તેની કોઈ નોંધ રજીસ્ટરમાં રાખતા નથી. એ વાત ખરી છે કે મે પોલીસને તપાસના અર્થે આવુ કોઈ રજીસ્ટર આપેલ નથી. સાહેદ જણાવે છે કે આ લોગબુક અમારી બધી ગાડીઓમાં હોય છે અને જે હાલ કબ્જે કરાયેલ તે વાહનમાં પણ છે. એ વાત ખરી છે કે મે તપાસ અર્થે ભાડે આપેલ ગાડીઓનો કોઈ કરાર પોલીસમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે કંપનીને જરૂર જણાય ત્યારે વાહન સમયસર પહોંચાડવાની મારી જવાબદારીમાં આવે છે. એ વાત ખરી છે કે કંપનીમાં જો વાહન હું ન પહોં ચાડી શકુ તો તે મારી બેદરકારી ગણાય. સાહેદ જણાવે છે કે જયારે આવુ કોઈ થાય ત્યારે હું અન્ય કોઈ ગાડી મોકલી આપવાની રહે છે. એ વાત ખરી નથી કે હું કહેવાતા બનાવના દિવસે કંપનીમાં ગાડી મોકલી શકેલ ન હોય અને મારી બેદરકારી અને જવાબદારીથી બચવા માટે આરોપીને ફસાવી ખોટી હકીકતો ઘડી ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી છે કે આરોપીની મારા સામે કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીએ કોઈ ચોરી કરેલ ન હોવા છતાં અને તેના પર ગુસ્સો હોવાના કારણે તેમજ પોતાની બેદરકારીથી બચવા માટે આરોપી સામે ખોટી ફરીયાદ કરી આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે આજરોજ આરોપીને ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

**(૮.૨)** **આંક–૧૨ થી પંચ નં.૧ અમરજીત રામનારાયણ ચૌધરી**નાઓ તેઓની જુબાનીની સરતપાસમાં જણાવે છે કે, હું ગુજરાતી સમજી શકુ છુ અને વાંચતા અને બોલતાં ઓછુ આવડે છે. હું હાલ ઉપરોકત દર્શાવેલ સરનામે ઈબ્રાહીમભાઈ સૈયદના મકાનમાં ભાડેથી રહુ છુ. મારી સાથે અન્ય ડ્રાયવરો નરેન્દ્ર ચૌધરી, સલીમ લાવોરી, ધર્મારામ ભીલ, કોજારામ ચૌધરી, સુભાષ લોહાર, રામનિવાસ ભીલ અને રણધીર યાદવ નાઓ રહે છે અને ખેરગામ તાલુકાના ગામોમાં હાઈટેન્શન પાવરની લાઈન ખેંચવા તેમજ ટાવર ઉભા કરવા માટે ઈન્ફ્રા વિઝન કંપનીમાં ભાડાથી ચાલતી ક્રેનના ઓપરેટર તરીકે કામકાજ કરૂ છુ. અમારા ત્યાં ભાડે ચાલતી એક બોલેરો કેનપર ગાડી નં.આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ચોરી થયેલ જે બાબતે દિલીપભાઈ ચૌધરીએ ખેરગામ પો.સ્ટે.માં ફરીયાદ આપેલ. ખેરગામ પોલીસના માણસોએ મારી હાજરીમાં તા.૧૨.૦૫.૨૦૨૬ ના રોજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. અમો પંચોએ ગુનાવાળી જગ્યા કે જે સૈયદ ઈબ્રાહિમ તાઈના મકાનના આગળના રોડના કિનારા પર આવેલ જગ્યા હતી જેની ચતુર્થ દિશા અમોએ પંચનામામાં લખાવ્યા મુજબ લખેલ. જે–તે સમયે આરોપી અજીત યાદવને અમો પંચોની હાજરીમાં પોલીસે પુછપરછ કરતાં તેણે ગુનાવાળી જગ્યા એટલે કે બોલેરો કેનપર ગાડી નં.આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ગાડી ચોરી કરેલ તે જગ્યા બતાવેલ.તેમની સાથે જે–તે દિવસે મનીષભાઈ રાવ નાઓ બીજા પંચ તરીકે હાજર હતા. અમો પંચોએ લખાવ્યા મુજબનું પંચનામું લખી પોલીસે પંચ નં. ૧ તરીકે મારી સહી લીધેલ અને તેમની સાથેના બીજા પંચ મનીષભાઈ રાવની પંચ નં.૨ તરીકે સહી લીધેલ. તેમને ગુનાવાળી જગ્યાનું અસલ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૧૩** થી રજુ છે. તા.૧૫–૦૫–૨૦૨૬ ના રોજ ખેરગામ પોલીસના માણસોએ પકડાયેલ આરોપી અજીત યાદવને મારી તથા મનીષ રાવની હાજરીમાં પુછપરછ કરેલ અને આરોપી ગુનાવાળી જગ્યા બતાવતાં હોય ખેરગામ પો.સ્ટે.થી પોલીસ વાહનમાં હું, મનીષ રાવ, આરોપી અજીત યાદવ અને ૨ પોલીસના માણસો સાથે ગુનાવાળી જગ્યાએ ગયેલ. ત્યાં આરોપીએ અમારી હાજરીમાં ચોરી થયેલ વાહન પાર્ક કરેલ જગ્યા બતાવેલ અને અમે ડ્રાયવર જે રૂમમાં સુઈએ છીએ તે રૂમમાં લાગેલ હેન્ગર ઉપર લટકાવેલ ચાવી ત્યાંથી લઈ બોલેરો કેનપર ગાડી ચાલુ કરી ચાર રસ્તા પરથી યુ–ટર્ન લઈ હાઈવે પરથી નવસારી થઈ મધ્યપ્ર

દેશ લઈ ગયેલ હોવાની હકીકત જણાવેલ. મારી સાથે જે–તે દિવસે મનીષભાઈ રાવનાઓ બીજા પંચ તરીકે હાજર હતા. અમો પંચોએ લખાવ્યા મુજબનું પંચનામું લખી પોલીસે પંચ નં. ૧ તરીકે તેમની સહી લીધેલ અને તેમની સાથેના બીજા પંચ મનીષભાઈ રાવની પંચ નં.ર તરીકે સહી લીધેલ. મને રી કન્સ્ટ્રકશનનું અસલ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૧૪** આપવામાં આવે છે. મારી સાથે જે–તે દિવસે હાજર બીજા પંચ મનીષભાઈ બબલુજી રાવ નાઓ કામ ધંધા અર્થે કેરલ જતાં રહેલ છે. આ કામના આરોપીને જોઈ ઓળખુ છું જે વીસી માધ્યમથી નામ.કોર્ટમાં હાજર છે જે ઓળખી બતાવે છે તે તે જ છે.

જયારે ફરીયાદી આરોપી તરર્ફેના વિધ્વાન વકીલશ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, હું ધોરણ–૧ર સુધી ભણેલ છુ. એ વાત ખરી નથી કે ફરીયાદી દિલીપભાઈના કહેવાથી મે તૈયાર કાગળ ઉપર સહી કરેલ. એ વાત ખરી છે કે હું દિલીપભાઈ સાથે પો.સ્ટે.માં જવાનો પ્રસંગ એક વાર થયેલ છે. એ વાત ખરી નથી કે દિલીપભાઈ સાથે પો.સ્ટે. ગયા બાદ બીજી કોઈ વખત પો.સ્ટે.માં જવાનું થયેલ નથી. એ વાત ખરી છે કે હું પંચનામા વખતે બોલતો ગયેલ હોય અને પોલીસ લખતી ગયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસના માણસો આરોપીને કંઈ પુછતાં હોય અને આરોપી તેનો જવાબ આપતો હોય અને પોલીસવાળા લખતાં હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસની ગાડીમાં મારે કયાંય જવાનું બનેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા ઓળખાણમાં હોય અને પંચનામામાં મે તેમના કહેવાથી સહી કરેલ. એ વાત ખરી નથી કે હું ફરીયાદીને ઓળખતો હોઉ અને તેમના કહેવાથી ખોટુ પંચનામુ કરી હાલ ફરીયાદીની બેદરકારીથી બચાવવા માટે ફરીયાદીના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. વધુ ઉ.ત.માટે આરોપીના વિ.વ.શ્રી.મુદત માંગતાં હોય ફરીયાદીને વાંધો ન હોય ન્યાયના હિતમાં મુદત આપવામાં આવે છે. એ વાત ખરી છે કે મે કહેવાતો બનાવ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે પં ચનામા સમયે પોલીસ વાળાઓ પાસે લેપટોપ કે પ્રિન્ટર હતુ નહી. એ વાત ખરી છે કે જે પં ચનામામાં હું હાજર હતો ત્યારે તે પોલીસના માણસોએ હાથથી લખેલુ અને તેમાં મે સહી કરેલી. એ વાત ખરી નથી કે આરોપી સાથે મારે સારા સંબંધો નથી. એ વાત ખરી નથી

કે આરોપી સાથે મારો અને મારા માલીક દિલીપભાઈનો અણબનાવ હોય અને તેને ખોટી રીતે ફસાવવા ખોટી જુબાની આપુ છુ.

**(૮.૩)** ફરીયાદપક્ષે આંક–૧૫ થી પંચ સાહેદ નિલેશભાઈ સવજીભાઈ પટેલને તથા આંક–૧૭ થી પંચ સાહેદ રસીદભાઈ અલ્લારખુ શેખને તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ખેરગામ પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહી કરાવેલી. પંચનામું તેઓએ વાંચેલ નહિ અને પંચનામા વિશે કંઈ જાણતા નથી. તેમને પંચનામું બતાવતાં તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામું આંક–૧૬ થી રજુ છે, તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

**(૮.૪)** **આંક–૧૯ થી સાહેદ નરેન્દ્ર ઉર્ફે શ્યામ હનુમાનરામ ચૌધરી**નાઓ તેઓની જુબાનીની સરતપાસમાં જણાવે છે કે, તે ગુજરાતી સમજી શકે છે અને વાંચતા ઓછુ આવડે છે. તે હાલ ઉપરોકત દર્શાવેલ સરનામે ઈબ્રાહીમભાઈ સૈયદના મકાનમાં ભાડેથી રહે છે. તેમની સાથે ડ્રાયવરો સલીમ લાવોરી, ધર્મારામ ભીલ, કોજારામ ચૌધરી, સુભાષ લોહાર, રામનિવાસ ભીલ અને રણધીર યાદવનાઓ સાથે રહે છે. અને ખેરગામ તાલુકાના ગામોમાં હાઈટેન્શન પાવરની લાઈન ખેંચવા તેમજ ટાવર ઉભા કરવા માટે ઈન્ફ્રા વિઝન કંપનીમાં આપેલ ભાડાના વાહનોમાં એક બોલેરો કાર ઉપર ડ્રાયવિંગનું કામકાજ કરૂ છુ. અમારા ત્યાં ભાડેથી ચાલતા વાહનોમાં એક બોલેરો કેનપર ગાડી નં. આરજે–૨૧– જીએફ–૩૬૯૪ જે પ્રકાશ ચૌધરી ફર્મના નામે છે તે પણ ભાડે ચલાવવા માટે મુકેલ હતી. મારે ત્યાં ક્રેન ઉપર ડ્રાયવીગનું કામ કરતા રણધીરભાઈ રજા પર ગયેલ હોય તેમના ઓળખીતા ડ્રાયવર રામ સુજીત ઉર્ફે અજીત યાદવને તેમણે મોકલેલ અને રામ સુજીત યાદવ નાએ ૨ દિવસ ક્રેન ઉપર કામ કરેલ અને ત્યારબાદ કામ કરવુ નથી તેમ કહી પૈસા લીધા વગર જતો રહેલો. ત્યાર પછી તેને ક્રેન પર કોઈ ડ્રાયવર ન હોય ફરીથી કામ માટે બોલાવેલ પરંતુ તે આવેલ નહી અને તેણે પગાર વધારો તો ડ્રાયવીગ માટે આવીશ તેવો જવાબ આપેલો. ગઈ તા.૧૧.૦૫.૨૦૨૬ ની રાત્રે હું મારા રૂમમાં રોડ તરફનો દરવાજો ખુલ્લો રાખી મોબાઈલ જોતો હતો ત્યારે રાત્રીના સવા બારની આસપાસ અમારા ત્યાં અગાઉ કામ કરી ચુકેલ અજીત યાદવ નાઓ આવેલ જે નશામાં હતા અને તેમણે અમારા શેઠ દિલીપભાઈને મળવાનું કહેતા મે તેમને જણાવેલ કે દિલીપભાઈ સુઈ ગયેલ છે સવારે ઉઠે ત્યારે વાત કરજો. વધુમાં

મે તેને જણાવેલ કે રાત થઈ ગઈ છે અહીંજ સુઈ જા તેમ જણાવી મે તેને સુવા માટે પથારી આપેલ. ત્યારબાદ તે થોડો સમય ત્યાં સુતેલ અને હું વોશરૂમ કરવા માટે ગયેલ અને પરત આવતાં તે મને આજુબાજુ દેખાયેલ નહી. ત્યારબાદ હું પણ સુઈ ગયેલ. વહેલી સવારે અમારે ત્યાં કામ કરતાં ડ્રાયવર સુભાષભાઈએ મને જણાવેલ કે સાઈટ ઉપર બોલેરો કેનપર ગાડી નં. આરજે–૨૧–જીએફ–૩૬૯૪ મંગાવેલ છે પરંતુ ગાડી તેની જગ્યા પર દેખાતી નથી અને આ ગાડી સ્થળ પર શોધવા છતાં મળેલ નથી તેમજ આ ગાડીની ચાવી શોધવા છતાં મળતી નથી. જેથી મે અમારા શેઠ દિલીપભાઈને ઉઠાડીને આ બાબતે વાતચીત કરેલ અને રાતની ઘટના વિશે પણ જાણ કરેલ. ત્યારબાદ અમોએ વાતોવાતથી જાણેલ કે અમારા જુના ડ્રાયવર અજીત યાદવનાઓ બોલેરો કેનપર ગાડી નં.આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ની ચોરી કરી ગયેલ તે બાબતની અમારા શેઠ દિલીપભાઈ એ ખેરગામ પો.સ્ટે.માં ફરીયાદ આપેલ અને પોલીસે આ બનાવ બાબતે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલ. આ કામના આરોપીને જોઈ ઓળખે છે. જે વીસી માધ્યમથી નામ.કોર્ટમાં હાજર છે જેને ઓળખી બતાવે છે તે તે જ છે.

જયારે ફરીયાદી આરોપી તરફેના વિધ્વાન વકીલશ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, હું ધોરણ–૧૦ ના પાસ છુ. એ વાત ખરી છે કે હું ખેરગામ મુકામે ભાડેથી અન્ય ડ્રાયવરો સાથે રહુ છુ. હું ખેરગામ મુકામે છેલ્લા ૨–૩ માસથી ડ્રાયવિંગનું કામ કરૂ છું. એ વાત ખરી નથી કે આરોપી અજીત યાદવને પગાર ઓછો આપેલ જેથી તે નોકરી છોડી જતો રહેલો. એ વાત ખરી છે કે તેઓ કયાં જતો રહેલો તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવના રોજ કહેવાતી ચોરી થયેલ ગાડી દિવસે ભાડા પર ગયેલ હતી. સાહેદ જણાવે છે કે રાત્રે પાછી આવી ગયેલી. એ વાત ખરી છે કે મારા શેઠની ગાડીઓ ભાડાથી દુર સુધી જાય. એ વાત ખરી છ`કે અમારે ત્યાં ગાડીઓ ઉભી હોય છે ત્યાં સીસીટીવી કેમેરા લાગેલ છે. સાહેદ જણાવે છે કે સામે હોસ્પિટલ પર છે અને એક દુકાન ઉપર છે. એ વાત ખરી છે કે આ સીસીટીવી ફુટેજ આ કામે પોલીસને રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મારે પો.સ્ટે.માં જવાનો પ્રસંગ બનેલ નથી. મારે ચોરી થયેલ તેના સવારે સાડા સાત વાગે જવાનો પ્રસંગ બનેલનો. એ વાત ખરી નથી કે બનાવ દિવસે હું અને મારી સાથેના અન્ય કર્મચારીઓ એક જ રૂમમાં સુતા હતા. સાહેદ

જણાવે છે કે ૨ રૂમમાં સુતા હતા. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવના રાત્રે મે આરોપીને જોયેલ નથી. એ વાત ખરી છે કે મે આરોપીને ગાડી ચલાવતા અને લઈ જતાં જોયેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ સરનામું લઈ નિવેદન જાતે લખી લીધેલુ. સાહેદ જણાવે છે કે પોલીસે મને બધી સ્ટોરી કયાં અને કોની સાથે રહુ છુ તે બધુ પુછેલુ. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા ઓળખાણમાં હોય તેની ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

**(૮.૫) આંક–૨૧ થી પંચ નં.૨ મનિષભાઈ બબલુજીરાવ**નાઓ તેઓની જુબાનીની સરતપાસમાં જણાવે છે કે, તે ગુજરાતી સમજી શકે છે અને વાંચતા અને બોલતાં ઓછુ આવડે છે. હું હાલ કર્ણાટકમાં રહે છે અને સને મે ૨૦૨૬માં નટુભાઈની ચાલમાં ખેરગામ મુકામે ભાડેથી રહેતો હતો. મારી સાથે અન્ય ડ્રાયવરો નરેન્દ્ર ચૌધરી, સલીમ લાવોરી, ધર્મારામ ભીલ, કોજારામ ચૌધરી, સુભાષ લોહાર, રામનિવાસ ભીલ અને રણધીર યાદવ નાઓ રહેતા હતા અને ખેરગામ તાલુકાના ગામોમાં હાઈટેન્શન પાવરની લાઈન ખેંચવા તેમજ ટાવર ઉભા કરવા માટે ઈન્ફ્રા વિઝન કંપનીમાં ભાડાથી ચાલતી બોલેરો ગાડી પર ડ્રાયવર તરીકે કામ કરતો હતો. અમારા ત્યાં ભાડે ચાલતી એક બોલેરો કેનપર ગાડી નં.આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ચોરી થયેલ જે બાબતે દિલીપભાઈ ચૌધરીએ ખેરગામ પો.સ્ટે.માં ફરીયાદ આપેલ. ખેરગામ પોલીસના માણસોએ મારી હાજરીમાં તા.૧૨.૦૫.૨૦૨૬ ના રોજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. અમો પંચોએ ગુનાવાળી જગ્યા કે જે સૈયદ ઈબ્રાહિમ તાઈના મકાનના આગળના રોડના કિનારા પર આવેલ જગ્યા હતી જેની ચતુર્થ દિશા અમોએ પંચનામામાં લખાવ્યા મુજબ લખેલ. જે–તે સમયે હાજર નરેન્દ્રભાઈ ચૌધરી નાએ ગુનાવાળી જગ્યા એટલે કે બોલેરો કેનપર ગાડી નં.આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ગાડી ચોરી કરેલ તે જગ્યા બતાવેલ. મારી સાથે જે–તે દિવસે અમરજીત ચૌધરી નાઓ બીજા પંચ તરીકે હાજર હતા. અમો પંચોએ લખાવ્યા મુજબનું પંચનામું લખી પોલીસે પંચ નં.૨ તરીકે મારી સહી લીધેલ અને મારી સાથેના બીજા પંચ અમરજીત ચૌધરીની પંચ નં.૧ તરીકે સહી લીધેલ. મને **આંક–૧૩** વાળુ ગુનાવાળી જગ્યાનું અસલ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. તા.૧૫.૦૫.૨૦૨૬ ના રોજ ખેરગામ પોલીસના માણસોએ પકડાયેલ આરોપી અજીત યાદવ

ને મારી તથા અમરજીત ચૌધરીની હાજરીમાં પુછપરછ કરેલ અને આરોપીએ પોતે બનાવના દિવસે રાત્રે બોલેરો કેનપર ગાડી નં.આરજે–૨૧– જીએફ–૩૬૯૪ ગાડી ચોરી કરેલ હોવાની અમારી હાજરીમાં કબુલાત કરેલ અને તે ગુનાવાળી જગ્યા બતાવતાં હોય ખેરગામ પો.સ્ટે.થી પોલીસ વાહનમાં હું, અમરજીત ચૌધરી, આરોપી અજીત યાદવ અને ૨ પોલીસના માણસો સાથે ગુનાવાળી જગ્યાએ ગયેલ. ત્યાં આરોપીએ અમારી હાજરીમાં ચોરી થયેલ વાહન પાર્ક કરેલ જગ્યા બતાવેલ અને અમે ડ્રાયવર જે રૂમમાં સુઈએ છીએ તે રૂમમાં લાગેલ હેન્ગર ઉપર લટકાવેલ ચાવી ત્યાંથી લઈ બોલેરો કેનપર ગાડી ચાલુ કરી ચાર રસ્તા પરથી યુ–ટર્ન લઈ હાઈવે પરથી નવસારી થઈ મધ્યપ્રદેશ લઈ ગયેલ હોવાની હકીકત જણાવેલ. તેમની સાથે જે–તે દિવસે અમરજીત ચૌધરી નાઓ બીજા પંચ તરીકે હાજર હતા. અમો પંચોએ લખાવ્યા મુજબનું પંચનામું લખી પોલીસે પંચ નં.૨ તરીકે તેમની સહી લીધેલ અને તેમની સાથેના બીજા પંચ અમરજીતની પંચ નં.૧ તરીકે સહી લીધેલ. મને **આંક–૧૪** વાળુ રીકન્સ્ટ્રકશનનું અસલ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે. આ કામના આરોપીને જોઈ ઓળખે છે. જે વીસી માધ્યમથી નામ.કોર્ટમાં હાજર છે જેને ઓળખી બતાવે છે તે તે જ છે.

જયારે ફરીયાદી આરોપી તરફેના વિઘ્વાન વકીલશ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, હું ધોરણ–૧૦ સુધી ભણેલ છુ. એ વાત ખરી છે કે મને ગુજરાતી થોડુ થોડુ વાંચતા અને સમજતાં આવડે છે. એ વાત ખરી નથી કે મને ગુજરાતી લખતાં આવડે છે. હાલ હું ડ્રાયવિંગનું કામ કરૂ છુ. એ વાત ખરી છે કે બનાવ સમયે ખેરગામ મુકામે હું ભાડાના મકાનમાં રહેતો હતો. ખેરગામથી પોલીસ સ્ટેશન આશરે ૪–૫ કિ.મી.દુર હતુ અને ત્યાં પહોંચતા આશરે ૧૫ મીનીટ જેટલુ થાય. એ વાત ખરી છે કે કેહવાતા બનાવ સમયે હું મારા સાથી ડ્રાયવરો સાથે સુતેલ હતો. પંચનામું કરવા માટે નરેન્દ્રભાઈ અને અમરજીતભાઈએ બોલાવેલો. એ વાત ખરી નથી કે નરેન્દ્રભાઈના કહેવાથી મે એક તૈયાર કાગળ ઉપર સહી કરેલી. એ વાત ખરી છે કે ખેરગામ પો.સ્ટે.માં દિલીપભાઈ સાથે મારે એકવાર જવાનું થયેલ. એ વાત ખરી નથી કે બનાવ બન્યા બાદ મારે ખેરગામ પો.સ્ટે.માં જવાનું થયેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસની ગાડીમાં બેસીને મારે કયાંય જવાનું થયેલ નથી. એ વાત ખરી નથી કે હું ફરીયાદીને ઓળખતો હોઉ અને તેમના કહેવાથી ખોટુ પંચનામુ કરી હાલ ફરીયાદીની

બેદરકારીથી બચાવવા માટે ફરીયાદીના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી નથી કે હું પોલીસના માણસો સાથે ગયેલ ત્યારે પોલીસ પાસે લેપટોપ કે પ્રિન્ટર ન હતુ. એ વાત ખરી નથી કે આરોપી સાથે મારી દુશ્મનાવટ હોય તેઓને ફસાવી દેવા માટે ખોટી જુબાની આપુ છુ.

(૮.૬) **આંક–૨૨ થી ત.ક.અ. હેમંતભાઈ સનતભાઈ પટેલ**નાઓ તેઓની જુબાનીની સરતપાસમાં જણાવે છે કે, તા.૧૧.૦૫.૨૦૨૬ ના રોજ ખેરગામ પો.સ્ટે.માં બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨)મુજબની ફરીયાદ દિલીપભાઈ ક્રિષ્નારામ ચૌધરી નાએ તા.૧૧–૦૫–૨૦૨૬ ના રોજ ફરીયાદીને સવારે સાડા છ વાગે તેમના ડ્રાયવર નરેન્દ્ર ઉર્ફે શ્યામ નાએ જગાડી જણાવેલ કે બોલેરો કેમ્પર ગાડી નં. આરજે–૨૧– જીએફ–૩૬૯૪ તેની જગ્યા પર મળી આવતી નથી અને રાત્રીના ૧૨ વાગ્યાની આસપાસ જુના ડ્રાયવર રામસુજીત ઉર્ફે અજીતભાઈ યાદવ નાઓ આવેલા હતા અને તે પણ હાલ દેખાતા નથી તેમજ સદર રામસુજીત ઉર્ફે અજીત યાદવના મો.નં.૮૬૬૯૩૯૦૧૬૧ ની ઉપર ફોન કરતાં યોગ્ય જવાબ આપેલ નહી અને ફોન બંધ કરી દિધેલ. તેમજ રાત્રીના ૩ વાગેના સમયે ચોરાયેલ ગાડીના ફાસ્ટેગ માંથી નવસારી ટોલ પ્લાઝા ખાતે ૧૨૦ રૂ.કપાયેલ નો મેસેજ આવેલ અને ત્યારબાદ અલગ અલગ ટોલ પ્લાઝા પર ફાસ્ટેગમાંથી રકમ કપાયેલાના મેસેજ આવેલ. આમ આ રામસુજીત ઉર્ફે અજીત યાદવ નાએ બોલેરો કેમ્પર ગાડી નં. આરજે–૨૧–જીએફ–૩૬૯૪ ચોરી કરી ગયેલ હોય તેની વિરૂઘ્ધ અમારી રૂબરૂ ફરીયાદ આપેલ. સદર કામની તપાસ અમોને મળતાં તપાસના કામે અમોએ આરોપીના મોબાઈલ લોકેશનની વિગતો મેળવેલ જેની પ્રિન્ટ આઉટ નકલ પેજ ૧૬ રજુ કરેલ જેને સંયુકત પુરવાર કરવાની શરતે સંયુકત રજુ દાખલ **આંક–૨૩** આપવામાં આવે છે. તપાસના કામે ફરીયાદીએ તેમના વાહનના ફાસ્ટેગમાંથી રકમ કપાયેલ તે બાબતના પુરાવાની કલર પ્રિન્ટ આઉટ નકલ આપેલ જે સદરહું કામે **આંક–૧૧** થી રજુ છે તે તે જ છે. અમોએ તપાસના કામે જાવર પો.સ્ટે., જી.શિહોર (મઘ્યપ્રદેશ) ની હદમાં આરોપીનું મોબાઈલ લોકેશન જણાઈ આવતાં સંલગ્ન પો.સ્ટે.ને આ બાબતે જાણ કરી આરોપીને કામ ચલાઉ ધોરણે પોતાના તાબામાં રાખવા માટે વિનંતિ કરેલ જેના આધારે ખેરગામ પોલીસના માણસો પહોંચે ત્યાં સુધી આરોપીને તેમના તાબામાં રાખેલ અને ખેરગામ પોલીસના અહેકો

આશીષભાઈ મનુભાઈ પટેલ અને પોકો.ભાવેશભાઈ કનુભાઈ પટેલને આરોપીનો ચોરાયેલ ગાડી સાથે કબ્જો સોંપેલ અને તે બાબતે તા.૧૨.૦૫.૨૦૨૬ ના રોજ એક રવાનગી પત્ર આપેલ જેની ઝેરોક્ષ નકલ રજુ કરે કરેલ જેને પુરવાર કરવાની શરતે **આંક– ૨૪** આપવામાં આવે છે. તપાસના કામે અમોએ તા.૧૨.૦૫.૨૦૨૬ ના રોજ પંચો અમરજીત ચૌધરી અને મનીષભાઈ રાવની રૂબરૂ ગુનાવાળી જગ્યા સાહેદ નરેન્દ્ર ઉર્ફે શ્યામ ચૌધરી નાએ બતાવેલ તેની ચતુર્થ દિશા તેમજ આસપાસની તમામ વિગતો પંચોના લખાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાના પંચનામામાં લખેલ અને તે મતલબનું પંચનામુ કરેલ જે ગુનાવાળી જગ્યાનું પંચનામું **આંક–૧૩** થી રજુ છે. જેમાં પંચોએ અમારી રૂબરૂ સહી કરેલ અને રૂબરૂ તરીકે મારી સહી હું ઓળખી બતાવુ છુ. તપાસના કામે આરોપીને ૨ પંચો નામે નિલેશભાઈ પટેલ અને રસીદ શેખની હાજરીમાં પકડાયેલ આરોપી રામસુજીત ઉર્ફે અજીત યાદવની પંચોની હાજરીમાં પુછપરછ કરેલ અને તેના નામ સરનામાની ખરાઈ કરી તેની પાસેથી મળી આવેલ મોબાઈલની વિગતો તેમજ તેમા નાખેલ સીમકાર્ડની વિગતો પંચોના લખાવ્યા મુજબ પંચનામામાં લખેલ અને મોબાઈલ તપાસ અર્થે કબ્જે કરેલ તેમજ પંચો તથા આરોપીની હાજરીમાં ચોરાયેલ વાહનની એન્જીન, ચેસીસ અને રજી.નંબર તેમજ તેનું વર્ણન પંચોના લખાવ્યા મુજબ પંચનામા માં લખેલ અને આ તમામ વિગતો લખી તા.૧૩.૦૫.૨૦૨૬ ના રોજ પંચો રૂબરૂ આરોપીને અટક કરી રીમાન્ડ મેળવવા માટે તજવીજ કરેલ. તે મતલબનું પંચનામું કરેલ જે આરોપીનું અટક પંચનામું **આંક–૧૬** થી રજુ છે. જેમાં પંચોએ અમારી રૂબરૂ સહી કરેલ અને રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. પકડાયેલ આરોપીની તપાસના કામે પુછપરછ કરતાં તા.૧૫.૦૫.૨૦૨૬ ના રોજ આરોપીએ ૨ પંચો અમરજીત ચૌધરી અને મનીષભાઈ રાવની રૂબરૂ ગુનાની કબુલાત કરેલ અને પોતે સ્વ ખુશીથી ગુનાવાળી જગ્યા અને તેમણે કરેલ ચોરીની તમામ હકીકતો બતાવવા ખુશી હોય તે મતલબનું પ્રાથમિક પંચનામું કલાક ૧૩:૧૫ થી ૧૩:૩૦ સુધી કરેલ. જે પંચનામું **આંક–૧૪** થી રજુ છે. જેમાં પ્રાથમિક પંચનામાના અંતે પંચોએ અમારી રૂબરૂ સહી કરેલ અને રૂબરૂ તરીકે મારી સહી હું ઓળખી બતાવુ છુ. ત્યારબાદ આરોપી ગુનાવાળી જગ્યા અને તેમણે કરેલ ચોરીની હકીકતો સ્વ ખુશીથી બતાવતા હોય તેમને પોલીસ વાહનમાં ૨ પંચો સાથે લઈ રવાના થઈ તેમણે ગુનાવાળી જગ્યા સુધી બતાવેલ જગ્યાની વિગતો પંચોના લખાવ્યા મુજબ અને આરોપીના બતાવ્યા મુજબ

પંચનામામાં લખેલ અને આરોપીએ સૈયદ ઈબ્રાહિમ તાઈના મકાન આગળ વાહન ઉભુ રખાવી તેણે બોલેરો કેમ્પર ગાડી નં.આરજે –૨૧–જીએફ–૩૬૯૪ ની ચોરી કરેલ તે જગ્યા બતાવેલ તેમજ દાદર પરથી ઉપર લઈ જઈ પ્રથમ માળે આવેલ ડ્રાયવરોના બેડરૂમમાં પુર્વ દિવાલ પર આવેલ હેન્ગર પરથી તેમણે ગાડીની ચાવી લીધેલ તે જગ્યા અને હકીકત આરોપીએ જણાવેલ જે પંચોની હાજરીમાં પંચનામામાં લખેલ. વધુમાં આરોપીએ વાહન ચોરી કરી જાહેર રોડ ઉપરથી દશેરા ટેકરી સર્કલ પાસેથી યુ–ટર્ન લઈ નેશનલ હાઈવે પરથી ચીખલી, બોરીયાચ ટોલનાકું, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા થઈ પંચમહાલ દાહોદ થઈ મધ્યપ્રદેશ ચોરાયેલ વાહન લઈ ગયેલ હોવાનું પંચો રૂબરૂ જણાવેલ જે પંચનામામાં પંચોની હાજરીમાં લખેલ અને તે પંચનામું કલાક ૧૪:૨૦ વાગ્યા સુધી પુર્ણ કરેલ. સદરહું રીકન્સ્ટ્રકશન પંચનામું આંક–૧૪ થી રજુ છે જેમાં પ્રાથમિક પંચનામાંમાં અન ેપંચનામાના અંતે રૂબરૂ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવે છે. તપાસના કામે અમોએ આરોપીના મોબાઈલ નંબરના સીડીઆર મં ગાવવા માટે તા.૨૮.૦૫.૨૦૨૬ ના રોજ પત્ર લખેલ જે આજરોજ રજુ કરૂ છુ જેમાં ત.ક.અ.તરીકે મારી સહી હું ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ **<u>આંક–૨૫</u>** આપવામાં આવે છે. સદરહું પત્રના આધારે આરોપીનો મોબાઈલના સીડીઆરની પ્રિન્ટ આઉટ પેજ નં.૪ આજરોજ રજુ કરૂ છુ જેને પુરવાર કરવાની શરતે સંયુકત રજુ દાખલ **<u>આંક–૨૬</u>** આપવામાં આવે છે. તપાસના કામે ચોરાયેલ વાહનના રજીસ્ટ્રેશન માહિતી અંગેનો રીપોર્ટની પ્રિન્ટ આઉટ નકલ રજુ કરૂ છુ જેને પુરવાર કરવાની શરતે **<u>આંક–૨૭</u>** આપવામાં આવે છે. તપાસના કામે અમોએ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આ કામના આરોપીને જોઈ ઓળખે છે. જે વીસી માધ્યમથી નામ.કોર્ટમા હાજર છે જેને તેઓ ઓળખી બતાવે છે તે તેજ છે.

જયારે ફરીયાદી આરોપી તરફેના વિધ્વાન વકીલશ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે કહેવાતી ગુનાવાળી જગ્યા આજુબાજુ રોડ આવેલ છે જેમાં સતત વાહનોની અને લોકોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે કહેવાતી ગુનાવાળી જગ્યા ઘણાં બધા ઘરો અને હોસ્પિટલ આવેલ છે. સવાલઃ ગુનાવાળી જગ્યાએ સીસીટીવી કેમેરા લાગેલ હતા એ વાત ખરી ? જવાબ : સીસીટીવી સામેના રોડ ઉપર લાગેલા હતા પણ ગુનાવાળી જગ્યા તેમાં કવર થાય તેમ નથી અને જયાં આરોપી

અને સાહેદો રોકાયેલા ત્યાં સીસીટીવી નથી. એ વાત ખરી છે કે સીસીટીવી ફુટેજ આ કામે લીધેલ નથી અને તેમજ ડીવીઆર પણ રજુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે સીડીઆરથી મોબાઈલની જગ્યા માલુમ પડે અને વ્યકિતની જગ્યા માલુમ પડે નહી. એ વાત ખરી છે કે સીડીઆર અને લોકેશન રીપોર્ટ સર્વિસ પ્રોવાઈડર દ્વારા આપવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે તપાસના કામે કબ્જે લીધેલ મોબાઈલ કોના કબ્જામાં હતો તે અંગે મે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે કબ્જે કરેલ મોબાઈલ આરોપી જ વાપરતો હતો તેનો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે વાહન આરોપીના કબ્જામાં થી મળી આવેલ નથી. એ વાત ખરી  છે કે વાહન જપ્ત કરતી વખતે સ્વતંત્ર સાહેદોની હાજરી હતી નહી. એ વાત ખરી છે કે વાહન પરથી ફિંગરપ્રિન્ટ લેવામાં આવેલ નથી તેમજ ડીએનએ કે અન્ય કોઈ વૈજ્ઞાનિક પુરાવો લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે વાહન ચોરી થયેલ તેનો કોઈ નજરે જોનાર સાહેદ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી ચોરીનો કોઈ માલ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે પંચોએ પંચનામાની વિગતો પોતાની જાણકારીથી આપી ન હતી. એ વાત ખરી નથી કે પંચનામામાં જણાવેલ તમામ હકીકતો પંચોએ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે ઘટના સ્થળેથી કોઈ ફિંગર પ્રિન્ટ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે તપાસ દરમ્યાન અન્ય શંકાસ્પદ વ્યકિતનો તપાસ કરેલ નથી.સાહેદ જણાવે છે કે અન્ય કોઈ શંકાસ્પદ વ્યકિત હતી નહી. એ વાત ખરી નથી કે મારી તપાસ અનુમાન અને સંયોગીત પુરાવા ઉપર છે. એ વાત ખરી નથી કે હું વ્યકિતગત રીતે જણાવી શકું નહી કે ચોરી આરોપી દ્વારા જ કરવામાં આવેલ હતી. એ વાત ખરી નથી કે કહેવાતા ગુનાના કામે તમામ સાક્ષીઓના નિવેદનો મે જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે કહેવાતા ગુનાના કામે આરોપી વિરૂઘ્ધ પુરાવા મેળવેલ નથી. એ વાત ખરી નથી કે કેહવાતો ગુનો અન્ય રાજયમાં થયેલ. એ વાત ખરી નથી કે અટક પંચો કાયમી પંચો છે. એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યા અને રીકન્સ્ટ્રકશન સાહેદો ફરીયાદીના ઓળખીતા સાહેદો અને ડ્રાયવરો છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવના આરોપીનું શરીર સ્થિતિનું કોઈ વર્ણન ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવના આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી.એ વાત ખરી નથી કે ખોટી તપાસ આધારે આરોપીને ખોટી રીતે ગુનામાં  સંડોવી આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

## (૯) આરોપી વિરુધ્ધના પુરાવાઓનુ મુલ્યાંકન અને ન્યાયિક તારણના વિસ્તૃત કારણોઃ

**<u>ગુનાવાળી જગ્યા, પંચનામા :</u>**

**૧.** ફરીયાદપક્ષે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, અટક પંચનામુ, રીકન્સ્ટ્રકશન પંચનામુ રજુ કરેલ છે. પરંતુ રેકોર્ડ ઉપરના પુરાવાઓનું અવલોકન કરતા જણાય છે કે ગુનાવાળી જગ્યાનુ પંચનામાઓ કોમ્પ્યુટર જનરેટેડ દસ્તાવેજો છે. આ અંગે પ્રથમ પંચ સાહેદ મનિષભાઈ બબલુજી ભાલારામજી રાવને આંક–૨૧થી ઉલટ તપાસમા સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે,

" પોલીસ સ્ટાફ સ્થળ ઉપર લેપટોપ તથા પ્રિન્ટર સાથે આવેલ ન હતો."

**૨.** જયારે અન્ય પંચ સાહેદએ પોતાની ઉલટતપાસમા તે બાબતનો સંપૂર્ણ ઈન્કાર કરેલ છે. આમ, એકજ પંચનામાના બંને પંચ સાહેદોના મૌખિક પુરાવામાં વિરોધાભાષ જણાય છે. વધુમા, પંચ સાહેદોએ ઉલટ તપાસમા એ પણ સ્વીકારેલ છે કે તેઓ ફરીયાદીના અગાઉના ઓળખીતા હતા. તપાસ કરનાર અધિકારી હેમંતભાઈ સનતભાઈ પટેલે પણ પોતાની ઉલટતપાસમાં આ હકીકતનુ સમર્થન કરતા સ્વીકારેલ છે કે,

" એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યા અને રીકન્સ્ટ્રકશન સાહેદો ફરીયાદીના ઓળખીતા સાહેદો અને ડ્રાયવરો છે. "

પંચનામાની વિશ્વસનીયતા અંગે રેકોર્ડ પરના મૌખિક પુરાવા જોતા વિરોધાભાષ દેખાય છે. પ્રથમ પંચ સાહેદ મનિષભાઈ રાવે પોતાની ઉલટતપાસમા સ્વીકારેલ છે કે પોલીસ સ્ટાફ સ્થળ ઉપર લેપટોપ તથા પ્રિન્ટર સાથે આવેલ ન હતો. જયારે ત્યારબાદ તપાસવામાં આવેલા અન્ય પંચ સાહેદ આ હકીકતનો ઈન્કાર કરીને ફરીયાદપક્ષની કથનનીને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. જયારે બંને પંચ સાહેદો ફરીયાદીના જ ડ્રાયવરો અને ઓળખીતા હોય, ત્યારે પ્રથમ તપાસયેલા સાહેદનો મૌખિક પુરાવો અદાલત માટે વધુ સહજ, સ્વભાવિક અને વિશ્વાસનીય બને છે. તેનાથી વિપરીત, ત્યારબાદ તપાસેલ બીજો સાહેદ અગાઉના સાહેદને પૂછાયેલા પ્રશ્ન અને સંજોગોથી અગાઉથી જ માહિતગાર થઈ જતો હોય છે. આથી બીજા સાહેદ અગાઉ ના સાહેદ ધ્વારા થયેલી ક્ષતિઓને છુપાવવા અને ફરીયાદપક્ષના કેસને ગોઠવેલુ સમર્થન આપવા માટે જ આવો ઈન્કાર કરતો હોવાનુ જણાય છે.આવા સંજોગોમાં પ્રથમ પંચ સાહેદની

જુબાની વધુ ગ્રાહય બને છે અને તેના આધારે સમગ્ર પંચનામાની ન્યાયિક શંકાના દાયરામાં આવી જાય છે. તે ઉપરાંત અટક પંચનામુ ના સાહેદોના પુરાવામાથી એવુ પણ બહાર આવે છે કે પંચનામામાં લખાયેલ તમામ બાબતો તેમની વ્યકિતગત જાણ મુજબ બનેલી નહોતી અને તેઓએ માત્ર સહીઓ જ કરેલી હતી. આવા સંજોગોમાં અટક પંચનામાની સ્વતંત્રતા અને વિશ્વાસનીયતા ઉપર ન્યાયિક શંકા ઉભી થાય છે.

**૩.** વધુમાં, રીકન્સ્ટ્રકશન પંચનામા બાબતે જોવામાં આવે તો, આરોપી તે સમયે પોલીસ કસ્ટડીમા હતો. પોલીસને પ્રથમ માહિતી અહેવાલ (એફઆઈઆર) અને અન્ય નિવેદનોના આધારે અગાઉથી જ વાહન કયાં ઉભુ હતુ, ચાવી કયાં રાખવામા આવી હતી તથા વાહન કઈ જગ્યાએથી ગુમ થયેલ હતું તેની સંપૂર્ણ જાણકારી હતી. જેથી, આરોપી ધ્વારા દર્શાવેલ બાબતોમાથી કોઈ નવી હકીકત પ્રકાશમા આવી હોવાનુ જણાતુ નથી. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૨૩(૨) મુજબ સ્વીકાર્ય બનવા માટે આરોપીની કસ્ટડી દરમ્યાનની માહિતીના આધારે કોઈ નવી અને અગાઉ અજાણી હકીકતની શોધ થવી આવશ્યક છે. હાલના કેસમાં એવુ કોઈ 'ડીસ્કવરી ઓફ ફેકટ' થયેલ નથી. જે બાબતો પોલીસને અગાઉથી જ જાણમા હતી તેની માત્ર પુનઃપ્રાપ્તી થયેલ હોય, જેથી તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૨૩(૨) નો લાભ ફરીયાદપક્ષને આપી શકાય નહી. જેથી કોર્ટનુ માનવુ છે કે સબંધિત લાભ ફરીયાદપક્ષને આપી શકાય નહી. જેથી કોર્ટનુ માનવુ છે કે સબં ધિત પંચનામાઓ તથા કથિત રીકસ્ટ્રકશન પંચનામુ આરોપી વિરુધ્ધ સ્વતંત્ર દોષારોપક પુરાવા તરીકે સ્વીકારી શકાય તેમ નથી અને તે કાયદાની દષ્ટ્રિએ મુલ્ય ધરાવતુ નથી.

## <u>આરોપી અને ફરીયાદી વચ્ચેના સબંધ તથા ગુનાનો હેતુ (Motive)</u>

**૪.** ફરીયાદી દિલીપભાઈ કૃષ્ણારામ ચૌધરી તથા સાહેદ નરેન્દ્ર ઉર્ફે શ્યામ ચૌધરીના મૌખિક પુરાવાને વંચાણે લેતા જણાય છે કે આરોપી અગાઉ તેમના ત્યાં ડ્રાઈવર તરીકે કામ કરતા હતા. આ અંગે ફરીયાદી દિલીપભાઈ ચૌધરીએ પોતાની ફરીયાદ તથા સરતપાસમાં જણાવે છે કેઃ

*" આરોપી રામસુજીત ઉર્ફે અજીત યાદવ મારી ફરાના ક્રેન નં.* **આરજે ૫૪ ઈએ ૦૦૪૩** *ઉપર અગાઉ ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો અને તેને કારણે તે મારા રહેણાંક તથા વાહનની વ્યવસ્થાથી પરિચિત હતો."*

વધુ સાહેદ નરેન્દ્ર ઉર્ફે શ્યામ ચૌધરીના પુરાવાને વંચાણે લેતા તેઓ જણાવેલ છે કે

" તા.૧૧–૦૫–૨૦૨૬ Rotator રાત્રીના ૧૨:૦૦ વાગ્યાની આસપાસ જુના ડ્રાયવર રામસુજીત ઉર્ફે અજીતભાઈ યાદવનાઓ રૂમ પર આવેલા હતા. મે તેને પૂછતા તેણે જણાવેલ કે મારે દિલીપભાઈનુ કામ છે, જેથી મે તેને કહેલ કે દિલીપભાઈ સુઈ ગયેલ છે અને તુ સવારે વાત કરજે. તેમ કહી અમે સાથે સુઈ ગયેલા હતા."

*" મારે ત્યાં ક્રેન ઉપર ડ્રાયવીગનુ કામ કરતા રણધીરભાઈ રજા પર ગયેલ હોય તેમના ઓળખીતા ડ્રાયવર રામ સુજીત ઉર્ફે અજીત યાદવને તેમણે મોકલેલ અને રામ સુજીત યાદવનાએ ૨ દિવસ ક્રેન ઉપર કામ કરેલ અને ત્યારબાદ કામ કરવુ નથી તેમ કહી પૈસા લીધા વગર જતો રહેલો. ત્યાર પછી તેને ક્રેન પર કોઈ ડ્રાયવર ન હોય ફરીથી કામ માટે બોલાવેલ પરંતુ તે આવેલ નહી અને તેણે પગાર વધારો તો ડ્રાઈવીગ માટે આવીશ તેવો જવાબ આપેલો."*

જેથી પુરવાર થાય છે કે આરોપીને પગાર અને નોકરી સબંધીત પ્રશ્ન હતા તથા તે અગાઉ વાદ વિવાદ કરીને કામ છોડીને જતો રહયો હતો. ત્યારબાદ તે ફરીથી રાત્રીના સમયે અચાનક સ્થળ ઉપર આવ્યો હતો.

**૫.** ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૮ મુજબ 'મોટીવ' અને અનુવર્તી (Previous and subsequent conduct) વર્તણુંક એક અત્યંત સુસંગત તથ્ય છે. જેથી ગુના પછી આરોપીનુ ફરાર થવુ, ગુનાની પ્રાપ્ત થયેલી મિલકતનો કબજો ધરાવવો અથવા પોતાનો સબંધ છુપાવવાનો પ્રયત્ન કરવો તે સબંધિત અને સ્વીકાર્ય તથ્ય છે. આ કેસમા આરોપી અગાઉ ફરીયાદી પાસે કામ કરતો હોવાથી, તેને સ્થળની ભૌગોલિક જાણકારી હતી, વાહન કયાં રાખવામાં આવતુ હતુ તેની ખબર હતી તથા ચાવી કયા રાખવામા આવતી હતી તેની પણ ચોકકસ માહિતી હતી. તેથી ગુનો કરવા માટે તક અને ચોકકસ કારણ બંને હાજર હોવાનુ ન્યાયિક રીતે પુરવાર થાય છે.

## બનાવ પૂર્વે આરોપીની શંકાસ્પદ હાજરી (Previous Conduct)

**૬.** હાલના કેસમાં આરોપીની ગુનાહીત સંડોવણી સ્થાપિત કરતી સૌથી મજબુત કડી બનાવની બિલકુલ પૂર્વે ઘટના સ્થળે તેની શંકાસ્પદ હાજરી છે. આ સંદર્ભે સાહેદ નરેન્દ્ર ઉર્ફે શ્યામ ચૌધરીએ પોતાની સરતપાસમા સ્પષ્ટ અને ચોકકસપણે જણાવ્યુ છે કે,

*"તા.૧૧–૦૫–૨૦૨૬ ના રોજ રાત્રીના ૧૨:૦૦ વાગ્યાની આસપાસ જુના ડ્રાયવર રામસુજીત ઉર્ફે અજીતભાઈ યાદવનાઓ અમારા રૂમ પર આવેલા હતા. મેં તેને ત્યાં આવવાનુ કારણ પૂછતા તેણે જણાવેલ કે મારે દિલીપભાઈનુ કામ છે, જેથી મે તેને કહેલ કે દિલીપભાઈ અત્યારે સુઈ ગયેલ છે અને તુ સવારે તેમની સાથે વાત કરજે, તેમ કહી અમે બંને સાથે સુઈ ગયેલ હતા."*

સદરહુ પુરાવાઓ હાલના કેસમા સુસંગત પુરાવો બને છે, કારણ કે તે આરોપીને ગુનાવાળી જગ્યા અને ગુનો બનવાના ચોકકસ સમયગાળો (મધ્યરાત્રી) સાથે સીધો જ સાંકળે છે.

**૭.** આ પુરાવામા મુલ્યાંકનમાં સૌથી નોંધપાત્ર અને કાયદાકીય દ્રષ્ટિએ ગંભીર બાબત એ છે કે, બચાવપક્ષના વિ.વકિલશ્રી ધ્વારા ઉલટતપાસ દરમ્યાન આ સાહેદ નરેન્દ્ર ભાઈ ચૌધરીને એવુ કોઈ જ સૂચન કે ડીફેન્સ લેવામાં આવેલ નથી કે આરોપી તે રાત્રે સ્થળ ઉપર આવ્યો જ ન હતો, અથવા સાહેદ તેને ઓળખવામાં ભૂલ કરે છે.

**૮.** ઉલટતપાસનો મૂળભૂત હેતુ બે છેઃ (૧) સામાપક્ષના કેસનો નબળો પાડવો, મર્યાદિત કરવો અથવા તેનો નાશ કરવો અને (૨) વિરોધી પક્ષના સાહેદ ધ્વારા પોતાના પક્ષના કેસને સ્થાપિત કરવો. આ ન્યાયિક સિધ્ધાંત અંગે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા Muddasani Venkata Narsaiah Versus Muddasani Sarojana 2016 (0) AIJEL-SC 58209 ના કેસામાં અત્યંત મહત્વનુ માર્ગદર્શન પુરુ પાડવામા આવેલ છે, જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કેઃ

> *"The party is obliged to put his case in cross-examination of witnesses of opposite party. The rule of putting one's version in cross-examination is one of essential justice and not merely technical one. It was held asunder:

'15. Moreover, there was no effective cross-examination made on the plaintiff's witnesses with respect to factum of execution of sale deed, PW 1 and PW 2 have not been cross-examined as to factum of execution of sale deed. The cross-examination is a matter of substance not of procedure one is required to put one's own version in cross-examination of opponent. The effect of non-cross-examination is that the statement of witness has not been disputed. The effect of not cross-examining the witnesses has been considered by this Court in Bhoju Mandal v. Debnath Bhagat [Bhoju Mandal v. Debnath Bhagat, AIR 1963 SC 1906]. This Court repelled a submission on the ground that the same was not put either to the witnesses or suggested before the courts below. Party is required to put his version to the witness...'"*

**૯.** ઉપરોકત સ્થાપિત કાયદાકીય સિધ્ધાંત મુજબ, ઉલટતપાસએ માત્ર એક પ્રક્રિયાની બાબત નથી પરંતુ તે ન્યાયનો એક મહત્વનો પાયાનો સિધ્ધાંત છે. જો બચાવપક્ષ સાહેદને કોઈ ચોકકસ હકીકતને ઉલટ તપાસમા પડકારતો નથી અથવા પોતાના પક્ષનુ કોઈ વિરોધાભાષી સૂચન સાહેદ સમક્ષ મુકતા નથી, તો કાયદાની દ્રષ્ટિએ તેનો અર્થ એ થાય છે કે સાહેદ ધ્વારા કહેવાયેલી તે હકીકત નિર્વિવાદ છે અને બચાવપક્ષે તે હકીકતનો ગર્ભિત સ્વીકાર કરેલ છે. સાહેદ નરેન્દ્ર ચૌધરીએ આરોપીની રાત્રે ૧૨:૦૦ વાગ્યે આવેલી હાજરી અંગે સોગંદ ઉપર જુબાની બચાવપક્ષે ઉલટ તપાસમા બિલકુલ પડકાર્યો નથી. પરીણામે, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત સિધ્ધાંત અનુસાર આરોપી બનાવની રાત્રે ત્યાં હાજર હતો તે હકીકત આપોઆપ સ્વીકૃત અને સાબિત બને છે.

**૧૦.** વધુમા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ –૮ ની Illustration (i) જોગવાઈઓ મુજબ.

*"A is accused of a crime. The facts that, after the commission of the alleged crime, he absconded, or was in possession of property or the proceeds of property acquired by the crime, or attempted to conceal things which were or might have been used in committing it, are relevant."*

**૧૧.** જેથી તેવુ કહી શકાય કે, ગુના પૂર્વેનુ અને ગુના પછીનુ આરોપીનુ વર્તન *(Previous and subsequent Conduct)* કેસના ન્યાયિક નિર્ણય માટે સુસંગત તથ્ય છે. હાલના કેસમાં, આરોપીનુ મધ્યરાત્રીએ બિન આમંત્રિત રીતે સ્થળ પર આવવું *(Previous Conduct)* , ત્યારબાદ રાત્રીનામાં જ અચાનક ત્યાથી ગાયબ થઈ જવુ અને સવારે વાહન પણ ગુમ મળવુ *(Subsequent Conduct)*આ તમામ વર્તણુંક ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૮ હેઠળ આરોપીની ગુનાહીત મન અને આયોજનની કડીઓ પૂર્ણ કરે છે.આથી, આ તમામ સંજોગો અને પુરાવાઓ ઘ્યાને લેતા કોર્ટ દ્રઢપણે અને નિઃશંકપણે માને છે કે આરોપી બનાવ પૂર્વે ગુનાવાળી જગ્યાએ જ હાજર હતા.

**<u>આરોપી અને વાહન બંનેનુ એક સાથે ગાયબ થવુ તથા એફઆઈઆરમાં તાત્કાલિકતા</u>**

**૧૨.** આંક–૧૦ થી ફરીયાદ તથા રેકર્ડ પરના દસ્તાવેજો તથા સાહેદોના મૌખિક પુરાવાથી જણાય છે કે સવારે લગભગ ૬ઃ૩૦ વાગ્યે વાહન ગાયબ હોવાનુ માલુમ પડયુ હતુ અને ત્યારબાદ તાત્કાલિક તે જ દિવસે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવેલ હતી. ફરીયાદી દિલીપભાઈ ચોધરી પોતાની જુબાનીમા જણાવ્યુ છે કેઃ

> *" સવારના આશરે ૦૬ઃ૩૦ વાગ્યે ડ્રાઈવર શ્યામે મને જગાડીને કહયુ કે આપણી **બોલેરો કેમ્પર ગાડી નં.** આરજે.૨૧ જીએફ ૩૬૯૪ પાર્કીગની જગ્યાએ નથી. જેથી અમે આજુબાજુ તપાસ કરી અને ગાડી ન મળતા તુરંત પોલીસ સ્ટેશનને જઈ ફરીયાદ નોંધાવી હતી."*

રેકોર્ડ પરથી એફ.આઈ.આર. નોંધાવવામાં કોઈ અસામાન્ય કે શંકાસ્પદ વિલંબ થયેલ હોવાનુ જણાતુ નથી. સાહેદ નરેન્દ્રભાઈ ઉર્ફે શ્યામ ચૌધરીના પુરાવા મુજબઃ

> *"રાત્રે ૧૨ઃ૦૦ વાગ્યે આરોપી અજીત યાદવ રૂમ પર હતો. રાત્રીના આશરે ૨ઃ૩૦ વાગ્યે હુ પેશાબ કરવા માટે જાગ્યો ત્યારે અજીત યાદવ ત્યાં રૂમમાં હાજર ન હતો. સવારે ૦૬ઃ૩૦ વાગ્યે જોયુ તો ગાડી અને ચાવી બંને ગાયબ હતા."*

**વધુમાં ભારીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૮ ના ઉદાહરણ (K) વંચાણે લેવામા આવે તો.**

*The question is, Whether A was robbed.*

*"The fact that, soon after the alleged robbery, he made a complaint relating to the offence, the circumstances under which, and the terms in which, the complaint was made, are relevant. The fact that he said he had been robbed, without making any complaint, is not relevant, as conduct under this section, though it may be relevant;as a dying declaration under section 32, clause (1), oras corroborative evidence under section 157."*

જેથી આ બે સંજોગો એક સાથે જોતા, મધ્યરાત્રીએ આરોપીનુ અને વહેલી સવારે વાહનનુ બંનેનુ એક સાથે ઘટનાસ્થળેથી ગાયબ થવુ એ એક અત્યંત મહત્વપૂર્ણ પરિસ્થિતિજન્ય કડી બને છે. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૮ મુજબ ગુના પૂર્વે તથા ગુના પછીનુ વર્તન સબંધિત તથ્ય આરોપીનુ સ્થળ ઉપર બિન આમંત્રિત રીતે હાજર હોવુ અને ત્યારબાદ મધ્યરાત્રીએ અચાનક ગાયબ થઈ જવુ તેની ગુનાહીત માનસિકતાનો ભાગ છે અને જે સં જોગોમાં ફરીયાદ આપવા આવેલ છે તે સુસંગત થાઈ છે.

**<u>મોબાઈલ ફોન બંધ કરવો તથા આરોપીનુ અનુવર્તી વર્તન (Subsequent Conduct)</u>**

**૧૩.** ફરીયાદમા તથા ફરીયાદીના મૌખિક પુરાવામાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે વાહન ગાયબ જણાતા આરોપીના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ તેણે યોગ્ય જવાબ આપ્યો ન હતો અને ત્યારબાદ તુરંત જ પોતાના ફોન બંધ કરી દીધો હતો. સાહેદ નરેન્દ્ર ઉર્ફે શ્યામ ચૌધરીએ પોતાની જુબાનીમાં સ્પષ્ટ કરેલ છે કે:

*" ગાડી ન મળતા મેં અને દિલીપભાઈએ અજીત યાદવના મોબાઈલ નં. ૮૬૬૯૩૯૦૧૬૧ ઉપર ફોન કરેલો. પણ તેણે ફોન રીસીવ કરીને કોઈ સરખો જવાબ આપ્યો નહતો અને થોડી જ વારમા તેનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો અને તે સંપર્ક બહાર જતો રહયો હતો."*

**૧૪.** આ હકીકતની સામે બચાવપક્ષે ઉલટતપાસમા કોઈ ચોકકસ બચાવ લીધો નથી કે આરોપી પાસે આ મોબાઈલ નંબર નહોતો અથવા ફોન બંધ કરવામા આવ્યો નહોતો. વધુમાં, આરોપીએ **બીએનએસની કલમ – ૩૫૧** હેઠળના પોતાના વિશેષ નિવેદનમાં (further statement) પણ આ ગંભીર સંજોગો અંગે કોઈ જ વાજબી સમજુતી આપી નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ –૮ ની Illustration (i) અનુસાર ગુના પછીનુ વર્તન (*Subsequent Conduct*) સુસંગત તથ્ય છે. અને Illustration (K). મુજબ ફરીયાદ જે સ્થિતિમા અપાય તે તથ્ય સુસંગત થાઈ છે. કોઈ વ્યકિત ઉપર સીધો આરોપ ન હોવા છતાં ઘટના પછી અચાનક સંપર્ક બહાર થઈ જવુ, ફોન બંધ કરી દેવો અને પોતાની નિર્દોષતા અંગે કોઈ સ્પષ્ટતા ન આપવી એ વર્તન સ્પષ્ટપણે તેની ગુનાહીત સંડોવણી તરફ સંકેત કરે છે.

**સી.સી.ટીવી (CCTV) ફુટેજ ન મેળવવા બાબત અને તેની ન્યાયિક અસર :**

**૧૫.** બચાવપક્ષે એવી ભારપૂર્વક દલીલ કરેલ છે કે તપાસ અધિકારીએ ગુનાવાળી જગ્યાના સીસીટીવી ફૂટેજ મેળવેલ નથી તથા ડીવીઆર_કબજે કરેલ નથી. જે તપાસની ગંભીર ખામી દર્શાવે છે અને બેસ્ટ એવીડન્સ રૂલ મુજબ બચાવ પક્ષને સમર્થન આપે છે અને ફરીયાદપક્ષ વિરુધ્ધ એડવેર્સ ઈફેરેન્સ ઉત્પન્ન થાય છે. આ સંદર્ભે તપાસ અધિકારી હેમંતભાઈ સનતભાઈ પટેલે પોતાની ઉલટતપાસમાં ચોકકસ ખુલાસો આપતા જણાવ્યુ છે કેઃ

" સીસીટીવી સામેના રોડ ઉપર લાગેલા હતા પણ ગુનાવાળી જગ્યા તેમા કવર થાય તેમ નથી અને જયાં આરોપી અને સાહેદો રોકાયેલા ત્યાં સીસીટીવી નથી." તપાસ અધિકારીના આ મૌખિક પુરાવાના વિરુધ્ધ કે ખોટો ઠેરવતો કોઈ પણ નકારાત્મક પુરાવો બચાવ પક્ષ રેકોર્ડ ઉપર લાવી શકયો નથી. વાસ્તવિકતામાં જો આવા સીસીટીવી ઉપલબ્ધ હોત તો પણ તે વધુમાં વધુ એટલુ જ દર્શાવી શકત કે વાહન નિર્ધારીત જગ્યાએ ઉભુ હતુ અને કોઈ વ્યકિત તે વાહન લઈ જતી જોવા મળતી. પરંતુ હાલના કેસમા વાહન ચોકકસ જગ્યાએ ઉભુ હતુ અને ત્યારબાદ ત્યાથી ગાયબ થયેલ હતુ, તે મૂળભૂત બાબત સાહેદોના પુરાવા તથા ફરીયાદપક્ષના પુરાવાથી પહેલેથી જ નિર્વિવાદપણે સાબિત થાય છે. વધુમાં, આરોપીની પૂર્વવર્તી અને અનુવર્તી વર્તણુંક (previous and subsequent conduct),

ઘટનાની પૂર્વ આરોપીની હાજરી, ત્યારબાદ તેની ગેરહાજરી, મોબાઈલ ફોન બંધ કરી દેવો તથા અન્ય મજબુત સંજોગો રેકોર્ડ ઉપર રજુ કરવામાં આવેલ છે. તેથી સીસીટીવી ફુટેજને જ એકમાત્ર કે શ્રેષ્ઠ પુરાવો ગણી શકાય નહી. કાયદો કયારેય એવો પુરાવો રજુ કરવાની અપેક્ષા રાખતો નથી જે વાસ્તવીક રૂપે ઉપલબ્ધ જ ન હોય. આથી માત્ર સીસીટીવી ફુટેજ રજુ ન કરવાના ટેકનીકલ આધારે સમગ્ર અભિયોજન કેસ નકારી શકાય નહી.

**ફાસ્ટેગ (FASTAG) વ્યવહારો અંગેનો પુરાવોઃ**

**૧૬.** તપાસ અધિકારી હેમંતભાઈ પટેલે પોતાની મુખ્ય જુબાનીમાં જણાવ્યુ છે કે :

*" તપાસના કામે ફરીયાદીએ તેમના વાહનના ફાસ્ટેગમાંથી રકમ કપાયેલ તે બાબતના પુરાવાની કલર પ્રિન્ટ આઉટ નકલ આપેલ જે મે તપાસના કામે કાગળો પર સામેલ રાખેલ છે. "*

બચાવ પક્ષની દલીલ સાચી છે કે રેકોર્ડ ઉપર રહેલ ઝેરોક્ષ કે પ્રિન્ટ આઉટ નકલો હોવા છતાં તેની સાથે કાયદાની ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૬૩ સમકક્ષ જોગવાઈ મુજબનુ ફરજીયાત પ્રમાણપત્ર રજુ કરવામા આવેલ નથી. જેથી, આ દસ્તાવેજી પુરાવો કાયદાની દષ્ટ્રિએ પ્રાથમિક પુરાવા તરીકે સંપૂર્ણ પુરવાર થયેલ ગણી શકાય નહી.

પરંતુ માત્ર દસ્તાવેજી પ્રિન્ટઆઉટના આવા ટેકનીકલ અભાવના કારણે ફરીયાદીની નજરે જોયેલી હકીકત નાબુદ થઈ જતી નથી. આ સંદર્ભે ફરીયાદી દિલીપભાઈ ચૌધરીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કેઃ

*"રાત્રીના આશરે ૩:૦૦ વાગ્યે મારા મોબાઈલ પર નવસારી ટોલ પ્લાઝા ખાતેથી ૧૨૦ રૂપિયા કપાવાનો મેસેજ આવેલ અને ત્યારબાદ અલગ અલગ ટોલ પ્લાઝા ઉપરથી રકમ કપાયેલાના મેસેજ મારા ફોનમા સતત આવતા રહયા હતા."*

અત્રેની અદાલતનુ માનવુ છે કે, ફરીયાદી અહી કોઈ સંગ્રહીત દસ્તાવેજની સામગ્રી પુરવાર કરવાનો પ્રયત્ન કરતા નથી, પરંતુ તેઓ કાયદાની ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૫૫ (Direct Oral Evidence) હેઠળ પોતાની નજરે જોયેલ હકીકત અને પ્રત્યક્ષ અનુભવેલી

હકીકત એટલે કે મધ્યરાત્રીએ તેમના પોતાના મોબાઈલ ફોનની સ્કીન પર લાઈવ ટેક્સ્ટ મેસેજ / નોટીફિકેશન પ્રાપ્ત થવાની ઘટના જે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૫૫ મુજબ જો કોઈ હકીકત જોઈ કે અનુભવી શકાતી હોય, તો તે જોઈ કે અનુભવનાર વ્યકિતનો મૌખિક પુરાવો એ 'પ્રાથમિક અને સીધો પુરાવો' ગણાય છે.

**૧૭.** વધુમાં ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૯૦ (Presumption as to Electronic Messages) હેઠળ અદાલત કાયદાકીય અનુમાન કરી શકે છે કે, ઓરીજીનેટર (ટોલ પ્લાઝા સર્વર) ધ્વારા એડરેસી (ફરીયાદીના મોબાઈલ) પર જે ઈલેકટ્રોનીક સંદેશ મોકલવામા આવ્યો છે તે સર્વરમા આપમેળે જનરેટ થયેલી એન્ટ્રી સાથે મેળ ખાય છે. પરતુ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૯૦ (Presumption as to Electronic Messages) મેસેજ મોકલનાર વ્યકિત અથવા સંસ્થા અંગે કોઈ કાનુની અનુમાન કરવાની મંજુરી આપતી નથી. પરંતુ હાલના કેસમા મેસેજ કોણે મોકલ્યો હતો તે હકીકત રેકોર્ડ પરના અન્ય સાહેદોના મૌખિક પુરાવાથી સ્વતંત્ર રીતે સાબિત થાય છે.ફરીયાદી તેમની પોતાની જુબાનીમા સ્પષ્ટપણે જણાવે છે કે

> *"મારા મોટા ભાઈ લક્ષ્મણભાઈને મે બનાવની જાણ કરતા તેમણે જણાવેલ કે તેમના મોબાઈલમા આ ગાડીની ફાસ્ટેગમા નવસારી ટોલ પલાઝા ખાતે રાત્રે ૩:૦૦ વાગ્યાના સમયે રૂા.૧૨૦/– ની રકમ કપાયેલાનો મેસેજ તેમના મોબાઈલ ઉપર આવેલ છે. અને તપાસ કરનાર અધિકારી તેમની જુબાની માં સ્પષ્ટપણે જણાવે છે કે તેમજ રાત્રીના ૩:૦૦ વાગ્યેના સમયે ચોરાયેલ ગાડીના ફાસ્ટેગમાથી નવસારી ટોલ પ્લાઝા ખાતે ૧૨૦ રૂા. કપાયેલનો મેસેજ આવેલ અને ત્યારબાદ અલગ અલગ ટોલ પ્લાઝા પર ફાસ્ટેગમાથી રકમ કપાયેલાના મેસેજ આવેલ."*

**૧૮.** જેથી સ્પષ્ટ થાય છે કે ચોરાયેલાો વાહન અને ફાસ્ટટેગ વચ્ચેનો સીધો સબંધ છે. ફરીયાદીના મૌખિક પુરાવા પરથી સ્થાપિત થાય છે કે બોલેરો કેમ્પર ગાડી નં. આરજે.૨૧ જીએફ ૩૬૯૪ તેમની કાયદેસરની કબજાની હતી અને તે ગાડી સાથે તેમનુ ફાસ્ટટેગ એકાઉન્ટ લીક હતુ તથા સામાન્ય માનવીય વ્યવહાર અને તર્કના આધારે એ ન્યાયિક

નોટીસ (Judicial Notice) લઈ શકાય કે ફાસ્ટેગમાથી રકમ ત્યારે જ કપાય છે જયારે તે ચોકકસ સ્કેનર આઈડી ધરાવતુ વાહન ભૌતિક રીતે તે ટોલ પ્લાઝાના સેન્સર નીચેથી પસાર થાય તથા સાહેદ નરેન્દ્ર ઉર્ફે શ્યામ ચૌધરીના મૌખિક પુરાવા મુજબ રાત્રે ૨:૩૦ વાગ્યે આરોપી અને ગાડી બંને સ્થળ પરથી ગાયબ હતા તથા તેના બરાબર અડધા કલાક પછી એટલે કે રાત્રે ૩:૦૦ વાગ્યે ફરીયાદીના ફોન પર નવસારી ટોલ પ્લાઝાનો મેસેજ આવે છે. ઘટના સ્થળેથી નવસારી ટોલ પ્લાઝા વચ્ચેનુ અંતર અને સમયનો ગાળો સાહેદ નરેન્દ્રભાઈના મૌખિક પુરાવા સાથે સુસંગત થાય છે.

**૧૯.** જેથી ભલે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૯૦ મોકલનાર વ્યકિતનુ અનુમાન ન કરતી હોય પરંતુ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૫૫ (Direct Oral Evidence) હેઠળ ફરીયાદીનો પોતાનો મૌખિક પુરાવો કે તેમને મેસેજ આવ્યો હતો, અને સાહેદ નરેન્દ્રનો મૌખિક પુરાવો કે ૨:૩૦ વાગ્યે ગાડી ગાયબ થઈ હતી. આ બંને મૌખિક પુરાવાઓ એક સાથે જોડાઈને એ હકીકતને નિર્વિવાદપણે સ્થાપિત કરે છે કે તે મેસેજ ચોરાયેલી ગાડી નવસારી ટોલ પ્લાઝા પરથી પસાર થવાના કારણે જ જનરેટ થયો હોત. જેથી ફરીયાદીનો આ સબળ અને સીધો મૌખિક પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૫૫ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૮ અનુવર્તી વર્તન હેઠળ સંપૂર્ણપણે ગ્રાહય અને સુસંગત બને છે. બચાવપક્ષ ઉલટ તપાસમાં ફરીયાદી કે સાહેદ નરેન્દ્રના આ ચોકકસ સમય અને મેસેજના કથનને સેજ પણ શંકામાં લાવી શકયા નથી. જેથી, ફાસ્ટેગના પ્રિન્ટઆઉટનુ દસ્તાવેજી મુલ્ય પ્રમાણપત્રના અભાવે નહીવત હોવા છતાં, રેકોર્ડ પરના મૌખિક પુરાવઓ ધ્વારા એ હકીકત સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે ચોરાયેલું વાહન બનાવની રાત્રે સતત ગતિમાં હતુ અને તેને ગુનાવાળી જગ્યાએથી ચોરી કરીને નવસારી તરફ જ લઈ જવામાં આવી રહયું હતું.

**૨૦.** વધુમા સવારે ગાડી ન દેખાતા તેઓ ચતિત થયા અને ફરીયાદ આપી તથા નોટીફીકેશન ના જ કારણે તેમજ મોબાઈલ ટાવરથી જ આરોપી ગાડી સાથે પકડાયેલ છે. જેથી, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૫૫ હેઠળનો આ મૌખિક પુરાવો, ગુનાહીત ઘનાના અનુસંધાનમા ફરીયાદીના ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૮ (Subsequent

Conduct - અનુવર્તી વર્તન) ને કાયદેસર રીતે સંપૂર્ણ સમર્થન પુરુ પાડે છે અને તે કેસની હકીકત તરીકે સુસંગત બને છે. બચાવપક્ષ ઉલટતપાસમા ફરીયાદીના આ ચોકકસ કથનને ખંડીત કરી શકયો નથી કે તેમના ફોન પર રાત્રે ૩:૦૦ વાગ્યે આવો કોઈ મેસેજ આવ્યો જ ન હતો. આથી, ભલે ફાસ્ટેગના પ્રિન્ટઆઉટનુ દસ્તાવેજી મુલ્ય સર્ટીફિકેટના અભાવે નહીવત હોય, તેમ છતાં ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૫૫, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૮ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૯૦ ના સંયુકત કાયદાકીય સંદર્ભમા ફરીયાદીનો આ સબળ અને સીધો મૌખિક પુરાવો બને છે. આ પુરાવા ધ્વારા નિર્વિવાદપણે સાબિત થાય છે કે ચોરાયેલું વાહન બનાવની રાત્રે સતત ગતીમા હતુ અને તેને નવસારી તરફ લઈ જવામા આવી રહયુ હતુ જે આરોપીની ગુનાહીત સંડોવણી તરફ સ્પષ્ટ નિર્દેશ કરે છે તેમજ વાહનને ભોગબનારના કબજેથી ખસેડેલ છે.

**<u>વૈજ્ઞાનિક પુરવાના અભાવની અસર</u>**

**૨૧.** બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કોઈ ફોરેન્સીક પુરાવાઓ ના હોય તેવી બચાવ અને દલીલ કરેલ છે. તપાસ અધિકારી હેમંતભાઈ પટેલે પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે:

" એ વાત સાચી છે કે મેં વાહન પરથી કોઈ ફિંગરપ્રિન્ટ લેવડાવેલ નથી તેમજ ડીએનએ કે અન્ય કોઈ વૈજ્ઞાનિક પુરાવો એકત્ર કરેલ નથી."

પરંતુ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ, દરેક ફોજદારી કેસમાં વૈજ્ઞાનિક પુરાવો અનિવાર્ય નથી. ચોરીના ગુનામાં ઘણીવાર આરોપી ખુલ્લા વાહનનો ઉપયોગ કરે છે. વાહન ઉપર અનેક લોકોના સ્પર્શ થયેલા હોય છે અને દરેક વખતે ઉપયોગી ફિંગરપ્રિન્ટ ઉપલબ્ધ રહે તે વ્યવહારીક રીતે જરૂરી નથી.

**૨૨.** ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ, પરિસ્થિતિજન્ય પુરાવાના સબળ અને મજબુત આધારે પણ આરોપીની ગુનાહીત દોર્ષિતતા નિ:શંકપણે સ્થાપિત કરી શકાય છે, કારણ કે સાહેદઓ કયારેક જુઠુ બોલી શકે છે પરંતુ બદલાતા સંજોગો અને તથ્યો કયારેય અસત્ય બોલતા નથી. હાલના કેસના રેકોર્ડ પરના પુરાવા જોતા આરોપી વિરુધ્ધ સંજોગોની એક અત્યંત મજબુત અને અખંડીત સાંકળ બંધાય

છે. જેમા એ હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે કે આરોપી અગાઉ ફરીયાદી પાસે જ ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોવાના કારણે તેને ગુનાવાળી જગ્યા, વાહનની ભૌગોલિક સ્થિતિ તથા ચાવી કયાં રાખવામા આવે છે તેની સંપૂર્ણ અને ગુપ્ત જાણકારી હતી. આ વિશેષ જ્ઞાનનો દુરઉપયોગ કરવાના ઈરાદે જ તે ઘટના પૂર્વની રાત્રે કોઈ પણ કારણ વિના અચાનક શંકાસ્પદ રીતે ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને ત્યારબાદ મધ્યરાત્રીએ વાહન તથા આરોપી બંને એક જ સમયે ત્યાંથી ગાયબ થઈ ગયા હતા. આ આકસ્મીક ઘટના બાદ જયારે ફરીયાદી પક્ષ ધ્વારા તેનો મોબાઈલ ફોન પર સંપર્ક કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, ત્યારે તેણે કોઈ વાજબી કે સંતોષકારક જાવબ આપ્યા વિના તુરંતજ પોતાનો ફોન બંધ કરી દીધો હતો. આરોપીના આ સમગ્ર શંકાસ્પદ વર્તન, પૂર્વવર્તી અને અનુવર્તી કૃત્ય અંગે આરોપી ધ્વારા બીએનએસની કલમ – ૩૫૧ હેઠળના પોતાના આક્ષેપાત્મક નિવેદનમા પણ કોઈ જ વાજબી કે નિર્દોષ ખુલાસો આપવામા આવેલ નથી. વધુમાં આરોપી બનાવ દિવસે કયાં હતા તેનો ખુલાસો કરી શકયા હોત તે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૯ મુજબ તેઓની પર્સનલ નોલેજમાં હોય. જેથી આ તમામ સ્થાપિત કડીઓ એકબીજા સાથે પરસ્પર એવી રીતે જોડાયેલી છે કે જે ન્યાયિક દ્રષ્ટિએ આરોપી સિવાય અન્ય કોઈ વ્યકિતએ આ ગુનો કર્યો હોવાની તમામ સંભાવનાઓને સંપૂર્ણ પણે નકારી કાઢે છે અને માત્રને માત્ર આરોપીની ગુનાહીત સંડોવણી જ પુરવાર કરે છે.

## બી.એન.એસ. (BNS) ની કલમ ૩૦૩(૨) ના આવશ્યક તત્વો અંગે ચર્ચા.

**૨૩.** બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨) હેઠળ ચોરીનો ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચેના ચાર આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે.

૧. જે મિલકત ચોરી થયેલ છે તે અન્ય વ્યકિતની માલિકી કે કાયદેસરના કબજાની હોવી જોઈએ.

૨. તે મિલકત કોઈ વ્યકિત ધ્વારા તેની જગ્યા પરથી ખસેડવામાં આવેલ હોવી જોઈએ.

૩. તે ખસેડવાની ક્રિયા માલિકીની સમંતિ વિના થયેલ હોવી જોઈએ.

૪. તે ખસેડવાની ક્રિયા અપ્રમાણિક ઈરાદાથી થયેલ હોવી જોઈએ.

## ૨૪. ઉપરોક્ત દરેક તત્વ અંગે પુરાવાનુ ન્યાયિક મુલ્યાંકન કરવામાં આવે છે.:

**(અ) વાહન ફરીયાદીના માલિકી અને કબજાનુ હતું.:**

ફરીયાદપક્ષે સાબિત કરવાનુ રહે છે કે જે મિલકતની ચોરી થયેલ છે તે ફરીયાદીની માલિકી કે કાયદેસરના કબજા હેઠળની જંગમ મિલકત હતી. આ સંદર્ભે ફરીયાદીશ્રી દિલીપભાઈ કૃષ્ણારામ ચૌધરીએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે બોલેરો કેમ્પર ગાડી નં. આરજે.૨૧ જીએફ ૩૬૯૪ તેમની કાયદેસરની કબજાની હતી અને સદર વાહન કંપનીના કોન્ટ્રાકટરના વ્યવસાયિક કામ અર્થે વપરાશમાં હતું. સાહેદ નરેન્દ્ર ઉર્ફે શ્યામ ચૌધરીએ પણ પોતાના મૌખિક પુરાવામા સ્વીકારર્યુ છે કે આ વાહન ફરીયાદીના પ્રત્યક્ષ કબજા અને સંચાલન હેઠળ ઘટના સ્થળે પાર્ક કરેલ હતું. બચાવપક્ષે સમગ્ર ઉલટતપાસ દરમ્યાન વાહનની માલિકી કે ફરીયાદીના કાયદેસરના કબજા અંગે કોઈ જ ગંભીર તકરાર, વિવાદ કે વિરોધાભાષ ઉભો કર્યો નથી. જેથી, કાયદાની દષ્ટ્રિએ ચોરીના ગુનામા સંપૂર્ણ માલિકી કરતા ' કાયદેસરનો કબજો ' વધુ મહત્વનો છે. જેથી, વાહન બનાવ સમયે ફરીયાદીના જ કાયદેસરના કબજામા હતુ તે હકીકત નિર્વિવાદ રીતે ન્યાયિક રીતે પુરાવામાથી સાબિત થાય છે.

**(બ) વાહન ખસેડવામાં આવેલ હોવાનુ સાબિત થાય છે.:**

ચોરીના ગુનાનુ બીજુ મહત્વનુ તત્વ છે કે જે જંગમ મિલકતને કોઈ વ્યકિત ધ્વારા અપ્રમાણિક ઈરાદાથી તેની મુળ જગ્યા પરથી ખસેડવામાં આવી હોવી જોઈએ. આ સંદર્ભે ફરીયાદી દિલીપભાઈ ચૌધરી તથા સાહેદ નરેન્દ્ર ચૌધરી બંનેએ સુસંગત અને સમાન જુબાની આપી છે કે, તા.૧૧–૦૫–૨૦૨૬ ના રોજ રાત્રીના સમયે વાહન નિર્ધારીત પાર્કિંગની જગ્યાએ લોક કરીને રાખવામા આવ્યુ હતુ, પરંતુ સવારે આશરે ૬:૩૦ વાગ્યે જોતા બોલેરો કેમ્પર ગાડી નં.આરજે.૨૧ જીએફ ૩૬૯૪ ત્યાં પાર્કિંગની જગ્યાએ મળી આવેલ નહતી. બચાવપક્ષ ઉલટતપાસમા સાહેદોની આ મૂળભૂત હકીકત સચોટ ડીફેન્સ લેવામાં આવેલ નથી કે વાહન ત્યાથી ખસેડયુ જ નહોતું. વધુમાં, ફરીયાદીના ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૫૫ હેઠળના સીધા મૌખિક પુરાવા મુજબ,

રાત્રે ૩:૦૦ વાગ્યે નવસારી ટોલ પ્લાઝા પરથી તેમના ફોન પર ફાસ્ટેગ (FASTag) ની રકમ કપાવવાનો લાઈવ મેસેજ આવ્યો હતો, જે સાહેદ નરેન્દ્રના એ પુરાવાને મજબુત રીતે સમર્થન આપે છેકે વાહન રાત્રીના ૨:૩૦ વાગ્યા પછી ઘટના સ્થળેથી ભૌતિક રીતે ખસેડીને નવસારી તરફ લઈ જવામા આવી રહયુ હતું. આથી, વાહન કોઈ અજ્ઞાન જગ્યાએ આપમેળે ગયુ નથી પરંતુ તેને ગુનાહીત હેતુસર મૂળ જગ્યા પરથી ખસેડવામાં આવ્યુ હતુ તે સ્પષ્ટ રીતે સાબિત થાય છે.

**(ક) વાહન ફરીયાદીની સમંતિ વિના લઈ જવામાં આવેલ હતું:**

ચોરીના ગુનાની પૂર્તતા માટે એ સાબિત થવુ જરૂરી છે કે મિલકતને તેના કાયદેસરના કબજેદારની સીધી કે ગર્ભીત સમંતિ વિના ખસેડવામા આવી હોય. પ્રસ્તૃત કેસમા વાહન ગાયબ હોવાનુ માલુમ પડતા જ ફરીયાદપક્ષે કોઈ વિલંબ કર્યા વિના તાત્કાલિક આજુબાજુના વિસ્તારમા શોધખોળ હાથ ધરી હતી અને વાહન ન મળતા તુરંત જ તેજ દિવસે ખેરગામ પોલીસ સ્ટેશનમા સત્તાવાર પ્રથમ માહિતી અહેવાલ (એફ.આઈ.આર.) નોંધાવ્યો હતો. ભારતીય સાક્ષ્ય અધિનયમની કલમ–૮ મુજબ તથા તે Illustration (K) જોગવાઈઓ મુજબ.

*The question is, Whether A was robbed.*

*"The fact that, soon after the alleged robbery, he made a complaint relating to the offence, the circumstances under which, and the terms in which, the complaint was made, are relevant. The fact that he said he had been robbed, without making any complaint, is not relevant, as conduct under this section, though it may be relevant;as a dying declaration under section 32, clause (1), oras corroborative evidence under section 157."*

ગુનાહીત ઘટના બન્યા બાદ ફરીયાદીનુ આ ત્વરીત સક્રિય વર્તન સ્પષ્ટપણે દર્શાવે છે કે વાહન તેમની જાણ બહાર અને તેમની સમંતિ વિના જ લઈ જવામાં આવેલ હતું. જો વાહન કોઈ ઉધાર, ભાડા કે પરસ્પર સમંતિના કરાર હેઠળ આપવામા આવ્યુ હોત તો ફરીયાદી આ પ્રકારે

ત્વરિત ફોજદારી ફરીયાદ નોંધાવત નહી. બચાવપક્ષે પણ પોતાના બચાવમાં એવી કોઈ દલીલ કે બચાવ કે પુરાવો રજુ કર્યો નથી કે આરોપી પાસે વાહન વાપરવાની કાયદેસરની સમંતિ કે સત્તા હતી. આથી આ તત્વ પણ પૂર્ણપણે સાબિત થાય છે.

**(૩) વાહન આરોપીએ જ ખસેડયુ હોવાનુ તથા અપ્રમાણિક ઈરાદો હોવાનું:**

આરોપી અગાઉ ફરીયાદી પાસે જ ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોવાથી તેને વાહનની ભૌગોલિક સ્થિતિ અને તેની ચાવી કયાં રાખવામા આવે છે તેની માહિતી હતી. તથા આરોપી અને ફરીયાદી વચ્ચે પગાર ન ચુકવવા બાબતે વિવાદ ચાલતો હતો, જેના કારણે આરોપીના મનમા ફરીયદી પ્રત્યે ક્ષણિક ગુસ્સો, આવેશ અને અસંતોષ હતો તથા સાહેદ નરેન્દ્ર ચૌધરીની જુબાની મુજબ, આરોપી તા.૧૧–૦૫–૨૦૨૬ના રોજ રાત્રે ૧૨:૦૦ વાગ્યે બિન આમંત્રિત રીતે રૂમ પર આવ્યો હતો. નામદાર સર્વોચ્ચ અદાલતના Muddasani Venkata Narsaiah (મુદ્દાસાની વેંકટ નરસૈયા) સુપરાના ચુકાના સિધ્ધાંત મુજબ, બચાવપક્ષે ઉલટ તપાસમા આ સાહેદને કોઈ 'સૂચન' ન આપીને આ મધ્યરાત્રીની હાજરીનો ગર્ભિત સ્વીકાર કરેલ છે. તથા રાત્રે ૨:૩૦ વાગ્યે આરોપી અને વાહન બંને એક જ સમયે ઘટના સ્થળેથી ગાયબ હતા. ત્યારબાદ, જયારે તેનો મોબાઈલ પર સંપર્ક કરાયો ત્યારે તેણે યોગ્ય જવાબ ન આપી તુરંત પોતાનો ફોન બંધ કરી દીધો હતો. બીએનએસની કલમ–૩૫૧ મુજબ ના વિશેષ નિવેદનમા પણ આરોપીએ પોતાની આ શં કાસ્પદ વર્તણુંક કે હાજરી અંગે કોઈ જ ખુલાસો આપ્યો નથી. જયારે કોઈ વ્યકિત માલિકની સમંતિ વિના, રાત્રીના અંધકારમા, ગુપ્ત જ્ઞાનનો ઉપયોગ કરી વાહન લઈ ભાગી જાય, પોતાના માલિકના વિશ્વાસનો ભંગ કરે અને સંપર્ક બહાર થઈ જાય, ત્યારે કાયદાની દષ્ટ્રિએ તે ક્રિયામાં તેનો ઈરાદો ફરીયાદીને ગેરકાયદેસર નુકશાન પહોંચાડવાનો અને પોતાને ગેરકાયદેસરને લાભ મેળવવા નો એટલે કે સંપૂર્ણપણે 'અપ્રમાણિક' ઈરાદો હોવાનુ સાબિત થાય છે. આરોપીએ પ્રોફેશનલ ચોરીની જેમ વાહનનો નાશ નથી કર્યો, કારણ કે તેનો હેતુ માત્ર પગારના ગુસ્સામા વાહન આંચકી લેવાનો હતો, તેમ છતાં કાયદાની દષ્ટ્રિએ તે ચોરીનો ગુનો જ બને છે. આથી બી.એન.એસ. ની કલમ ૩૦૩(૨) ના તમામ આવશ્યક તત્વો ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ સફળતાપૂર્વક સાબિત કરી શકયો છે.

**૨૫.** જેથી ઉપરોકત તમામ વિગતવાર ચર્ચા મુજબ આરોપી ઘટતા પૂર્વે મધ્યરાત્રીએ શં કાસ્પદ રીતે સ્થળ ઉપર હાજર હતા તેમજ આરોપી ફરીયાદીનો જુનો ડ્રાઈવર હોવાથી તેને વાહન અને ચાવીની સંપૂર્ણ ગુપ્ત જાણકારી હતી. તેમજ વાહન અને આરોપી બંને બીજા દિવસે સવારે એક જ સમયે ઘટના સ્થળેથી ગાયબ હતા તેમજ મોબાઈલ ફોન પર સંપર્ક કરવા છતાં યોગ્ય જવાબ ન આપી ફોન તાત્કાલિક બંધ કરવામા આવ્યો હતો તેમજ વાહનના ફાસ્ટેગ વ્યવહારો અને મૌખિક પુરાવા વાહની આગળની ગતિ તરફ સંકેત કરે છે. તેમજ અરોપીએ પોતાની આ શંકાસ્પદ હાજરી અને વર્તન અંગે બીએનએસની કલમ–૩૫૧ મુજબ ના નિવેદનમા કોઈ વૈકલ્પિક કે નિર્દોષ ખુલાસો આવ્યો નથી. આ તમામ સ્થાપિત પરિસ્થિતિઓ અને સાહેદોની બિનખંડિત મૌખિક જુબાનીઓ એકબીજા સાથે પરસ્પર જોડાઈને એક એવી પૂર્ણ અને અખંડિત સાંકળ રચે છે, જે સામાન્ય માનવીય તર્ક અને ન્યાયિક દ્રષ્ટ્રિએ આરોપી સિવાય અન્ય કોઈ વ્યકિતએ આ ગુનો કર્યો હોવાની તમામ વાજબી સંભાવનાઓને સંપૂર્ણપણે દૂર કરે છે અને માત્ર અને માત્ર આરોપીની ગુનાહીત દોર્ષિતતા જ પ્રસ્થાપિત કરે છે.

વધુમાં, ક્રિમીનલ જયરીસપ્રુડન્સનો સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ. જે સિધ્ધાંત મુજબ ઉપરોકત મુદ્દા નં.૧ નો જવાબ **અંશતઃ હકારમાં** આપવામાં આવે છે અને આ કેસના આખરી નિર્ણય માટે મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આ કામના આરોપી **રામસુજીત ઉર્ફે અજીત ઉર્ફે રામકેશ હરીનાથ ધનરાજ યાદવ,** રહે. બેલકુર ગામ યાદવ મહોલ્લો ટીકુલી બનારસ થાના,, ગગહા, તા.બાસગાવ, જી.ગોરખપુર, ઉત્તર પ્રદેશનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમઃ– ૩૦૩(૨) મુજબ હેઠળના તહોમતમાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

સબબ કામ આ કામના આરોપીને પ્રોબેશન અને સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખઃ ૦૩જી, માહે જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ ખેરગામ મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ખેરગામ.
તા.૦૩.૦૭.૨૦૨૬

**(ધરાંથ આર.પટેલ)**
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, ખેરગામ.
**CODE : GJ 01753**

# **પ્રોબેશન આપવાના કારણો તથા આદેશ**

**(૧)** વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. આરોપીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. વિ.એ.પી.પી.શ્રીએ પ્રોબેશનનો લાભ આપવા સામે સખત વાંધો બતાવેલ છે અને જણાવેલ છે કે ગંભીર પ્રકારનો ગુનો છે જેથી ન્યાયનો હિત સાચવવા પ્રોબેશન રદ કરવાની અરજ કરેલ છે. આરોપીના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે આરોપી વિરુધ્ધ **બી.એન.એસ.ની કલમ ૩૦૩(૨)** હેઠળ દોર્ષિત સાબિત થયેલ છે, જે ગંભીર પ્રકારનો ગુનો નથી. આ તબકકે તેમને કેદની સજા આપવાથી તેમના ભવિષ્ય ઉપર તથા તેમના આધારીત પરીવારજનો ઉપર પ્રતિકૂલ અસર પડશે.

આરોપી તરફથી પ્રોબેશન ઓફ ઓફેન્ર્સ એકટ કેઠળ લાભ આપવા બાબતે રજુઆત કરવામાં આવી છે. રેકોર્ડ પર રહેલ પુરાવાઓ, પ્રોબેશન અધિકારીનો અહેવાલ તથા કેસની પરિસ્થિતિઓનુ સુક્ષ્મપણે અવલોકન કરવામાં આવ્યુ છે.

**(૨)** સદર કેસમાં આરોપી રામસુજીત ઉર્ફે અજીત યાદવને અત્રેની અદાલતે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ (બીએનએસ) ની કલમ ૩૦૩(૨) હેઠળના ચોરીના ગુનામા દોર્ષિત ઠેરવતો આદેશ કરેલ છે. ત્યારબાદ આરોપીના વિધ્વાન બચાવ પક્ષના વકિલશ્રી તથા વિ. મદદનીશ સરકારી વકિલશ્રી ને સજાના પ્રમાણ અને પ્રોબેશનનો લાભ અંગે વિગતવાર સાંભળવામાં આવ્યા.

**(૩)** આરોપીના વિ.વ.શ્રીની રજુઆત એવી છે કે આરોપી એક સામાન્ય અને ગરીબ પરીવારમાંથી આવે છે. તેનો પૂર્વ ગુનાહીત ઈતિહાસ નથી અને આ તેનો પ્રથમ ગુનો છે. વધુમાં એવી ભારપૂર્વક દલીલ કરવામાં આવી છે કે આ કૃત્ય કોઈ રીઢા કે વ્યવસાયિક વાહન ચોરની જેમ કરવામાં આવેલ નથી. સામાન્ય રીતે પ્રોફેશનલ ચોરો વાહન ચોરીને તુરંત જ

તેના સ્પેરપાર્ટસ અલગ કરી નાખતા હોય છે અથવા તેને બજારમા વેચી દેતા હોય છે, જયારે હાલના કેસમા આરોપીએ વાહનનો કોઈ આર્થિક દુરઉપયોગ કે નાશ કરેલ નથી. વાહન સાથે ફાસ્ટેગ જોડાયેલુ હોવા છતાં અને મોબાઈલ ફોન ચાલુ હોવા છતાં આરોપી વાહન લઈને નીકળ્યો હતો, જે દર્શાવે છે કે આ કૃત્ય કોઈ પૂર્વ આયોજીત ગુનાહીત માનસિકતાથી નહી પરંતુ ફરીયાદી અને આરોપી વચ્ચે ચાલતા પગારના વિવાદના કારણે ઉભા થયેલ ક્ષણિક ગુસ્સા, આવેશ અને અસંતોષ ના લીધે લાગણીના આવેગમા થઈ ગયેલ છે. આથી સુધારાવાદી સિધ્ધાંત મુજબ આરોપીને જેલમા મોકલવાને બદલે પ્રોબેશનનો લાભ આપવો ન્યાયસંગત છે.

**(૪)** જયારે બીજી તરફ, વિધ્વાન મદદનીશ સરકારી વકિલશ્રી (વિ.એ.પી.પી.શ્રી) એવી દલીલ કરેલ છે કે આરોપીએ માલિકના વિશ્વાસનો ભંગ કરીને રાત્રીના સમયે વાહનની ચોરી કરેલ છે. વાહન ચોરી થવાના કારણે ફરીયાદીને આર્થિક નુકસાન અને માનસિક હેરાનગતિ ભોગવવી પડી છે, જેથી ગુનાના ભોગ બનનારના હીતને ધ્યાને રાખી આરોપીને કડક સજા થવી જોઈએ.

**(૫)** અત્રેની અદાલત સમક્ષ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું આરોપીને માત્ર ૧ માસની ભોગવેલી સજા આપીને મુકત કરવો ન્યાયસંગત ગણાય. અત્રેની અદાલતનુ માનવુ છે કે, જો આરોપીને માત્ર ૧ માસની સજા કરીને છોડી દેવામાં આવે તો બીએનએસની કલમ–૩૦૩(૨) હેઠળના વાહન ચોરીના ગંભીર ગુનાના પ્રમાણમાં તે સજા તદ્દન અપૂરતી અને ક્ષુલ્લક સાબિત થશે, તેનાથી સમાજમા ખોટો સંદેશ જઈ શકે છે. તેની સામે કાયદાનો અસલી હેતુ ગુનેગારને માત્ર શિક્ષા કરવાનો નથી પરંતુ તે પ્રથમ વખતનો ગુનેગાર હોય, તો તેને સુધરવાની તક આપવનો પણ છે.

**(૬)** હાલના કેસની વિશિષ્ટ પરિસ્થિતિઓ જોતા, આરોપી અગાઉ ફરીયાદી પાસે જ ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો અને તેમની વચ્ચે પગાર ન ચૂકવવા બાબતે વિવાદ ચાલતો હતો, જેના લીધે ઉભા થયેલા ક્ષણિક ગુસ્સો, આવેશ અને તીવ્ર અસંતોષ ના કારણે લાગણીના

આવેગમાં આવીને તેમણે આ કૃત્ય કરેલ હોવાનુ પ્રતિત થાય છે. ગુનાની પ્રકૃતિ જોતા જણાય છે કે આરોપી કોઈ રીઢા કે વ્યવસાયિક ગુનેગાર નથી. સામાન્ય રીતે ઓટોમોબાઈલ ચોરીના રીઢા ગુનેગારો વાહનની ચોરી કરીને તુરંત જ તેના સ્પેરપાર્ટસ અલગ કરી નાખતા હોય છે, ચેસીસ નંબર ભૂંસી નાખે છે અને બજારમા તેના ભાગો વેચી કાઢે છે. જયારે આ કેસમા આરોપીએ વાહનનો કોઈ આર્થિક દુરઉયોગ કે નાશ કરેલ નથી તે પકડાઈ જવાની સંપૂર્ણ અજ્ઞાનતા વચ્ચે માત્ર ગુસ્સામાં વાહન લઈને નીકળી ગયો હતો.

(૭) વધુમાં આરોપી કસ્ટડી દરમ્યાન આશરે ૧ માસ (એક મહિનો) જેટલો સમય જેલમા વિતાવી ચુકયો છે. પ્રથમ વખતના ગુનેગાર માટે આ ૧ માસનો જેલવાસ એ કાયદાની ગરીમા સમજવા અને પસ્તાવો લાવવા માટે એક મોટો આધાર અને પૂરતો સમયગાળો છે. આરોપી વ્યવસાયે ડ્રાઈવર છે અને તે એક કુશળ શ્રમિક હોવાથી ભવિષ્યમા મહેનત કરીને સન્માનપૂર્વક કમાણી કરી પોતાના પરિવારનુ ભરણપોષણ કરવાની ઉત્તમ ક્ષમતા ધરાવે છે. જો તેને જેલની સજા ફટકારીને કાયમી કેદનો સિકકો લગાડવામાં આવે, તો તે સમાજમા રોજગારી મેળવી શકશે નહી અને તેનો પરીવાર નિરાધાર થઈ જશે. આથી, ૧ માસની અપૂરતી સજા કરવાને બદલે, જેલવાસના અનુભવ સાથે પ્રોબેશનનો લાભ આપવામાં આવે, તો તે આરોપી માટે સાચા અર્થમાં સુધારાવાદી સાબિત થશે અને તે ન્યાયના હિતમાં છે.

(૮) તેની સાથે જ, ગુનાના ભોગબનાર ફરીયાદી શ્રી દિલીપભાઈ ચૌધરીને વાહન ચોરી થવાના કારણે જે માનસિક હેરાનગતિ અને આર્થિક મુશ્કેલી ભોગવવી પડી છે, તેનુ વળતર મળવુ પણ એટલું જ અનિવાર્ય છે. આથી, ફરીયાદીના રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના આર્થિક વળતરના હિતને સંપૂર્ણપણે સુરક્ષિત કરવા માટે અદાલત પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ ૧૯૫૮ ની કલમ ૪ અને ૫ નો સમન્વય કરવો સૌથી વધુ ન્યાયસંગત માને છે.

## :: હુકમ ::

**૧.** આરોપીને દોર્ષિત ઠરાવ્યા બાદ,પ્રોબેશન ઓફ ઑફેન્ડર્સ અધિનિયમ, ૧૯૫૮ ની કલમ ૮ હેઠળ, તેમને એક વર્ષ માટે સારા વર્તનના પ્રોબેશન પર મુકત કરવામાં આવે છે, અને તેઓ અદાલત ધ્વારા **રૂા.૫૦૦૦/–** (પાંચ હજાર) રકમની વ્યકિતગત જામીનદારી તથા એક જામીદાર ભરી, આ સમયગાળા દરમ્યાન શાંતિ જાળવશે તથા આવા ગુનાઓ કરશે નહી તથા સારો વર્તન રાખશે.

**૨.** વધુમાં પ્રોબેશન ઓફ અર્ફિન્ડર્સ અધિનિયમ, ૧૯૫૮ ની કલમ ૫ હેઠળ ની સતાનો ઉપયોગ કરીને, આરોપીને **રૂા.૫,૦૦૦/–** (એકંદરે કુલ રૂપિયા પાંચ હજાર પુરા) ભોગબનાર ને વળતર તરીકે ચુકવવાનો આદેશ આપવામાં આવે છે.

**૩.** જો આરોપી પ્રોબેશનની કોઈ પણ શરતોનુ ઉલ્લંઘન કરશે અથવા શાંતિ તથા સારા વર્તનનુ પાલન નહી કરે તથા આવા પ્રકારના ગુનાઓ કરશે, તો પ્રોબેશન ઓફ અર્ફિન્ડર્સ અધિનિયમ, ૧૯૫૮ ની કલમ ૯ મુજબ, પ્રોબેશનનો લાભ રદ કરવામાં આવશે અને આરોપીને મૂળ ગુનામાં કાયદા મુજબ સજા કરવામાં આવશે.

**૪.** આંક–૨ વાળા મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ વાહન એક મહેન્દ્ર કંપનીની જાવા બ્રાઉન કલરની બોલેરો કેમ્પર ગાડી નં. આરજે – ૨૧ – જીએફ – ૩૬૯૪ તથા મુદ્દામાલ મોબાઈલ ફોન અંગે થયેલ વચગાળાનો હુકમ કાયમી કરવામાં આવે છે.

**૫.** આરોપી **રામસુજીત ઉર્ફે અજીત ઉર્ફે રામકેશ હરીનાથ ધનરાજ યાદવ**, જયુડીશીયલ કસ્ટડીમાં હોય અપીલ પીરીયડના જામીન તથા વળતરની રકમ રૂ.૫૦૦૦/– ચુકવ્યેથી જેલ મુકત કરવા માટે સબ જેલ નવસારીને જેલ મુકત યાદી તાત્કાલિક કરવી. તેમજ આરોપી જો અપીલ પીરીયડ સુધીના જામની રજુ ન કરે તો અપીલ પીરીયડ બાદ આરોપીને જેલ મુકત કરવા.

**૬.** આરોપીએ રૂ.૫,૦૦૦/– ના જામીન અપીલ પીરીયડ સુધીના રજુ કરવા.

આ હુકમ આજ રોજ તારીખઃ ૦૩જી, માહે જુલાઈ, સને ૨૦૨૬ નાં રોજ ખેરગામ મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ખેરગામ.
તા.૦૩.૦૭.૨૦૨૬

**(ધરાંથ આર.પટેલ)**
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, ખેરગામ.
**CODE : GJ 01753**